
# બાળકોના રંગલાલા



લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

ભાગ-૧૩







# બાળકોના રંગદાદા
## ભાગ-૧૩


પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ, અમદાવાદ.
મોઃ ૯૮૨૪૫૦૪૨૦૬

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય
"રાહ-રંગપ્રેમની"
મોઃ ૯૬૮૭૬૬૧૧૧૪

મુદ્રક : અજય ઑફસેટ
બારડોલપુરા, અમદાવાદ.

આવૃત્તિ : પાંચમી
ગુરુપૂર્ણિમા
અષાઢ સુદ ૧૫, સં. ૨૦૭૯
તા. ૩-૭-૨૦૨૩

પ્રત : ૨૫૦

મૂલ્ય : રૂા. ૩૫/-

# ⇛ આશીર્વચન ⇚

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભકત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઇએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઇ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં બાર પુસ્તકો તો પ્રકાશિત થઇ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૩ને હું આવકારું છું અને પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઇ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

અમેરિકા, ૐ

તા.૧૪-૦૮-૨૦૦૭ પ્રેમ

# આવકાર

સંસારરૂપી ફૂલવાડીના ફૂલો સમાન બાળકોમાં સંસ્કારનું સિંચન કરવામાં 'બાળકોના રંગદાદા' પુસ્તકની શ્રેણી સુંદર કામ કરે છે અને કરશે. સંસ્કારનું સિંચન અને દઢીકરણ થાય તો ભાવિ ઘડવૈયા સમાન આ બાળકો વિશ્વમંદિરને સુખસમૃદ્ધિથી ઝળહળતું કરી દેશે.

મુ.ભવાનીશંકર શાસ્ત્રીએ લખેલી પ્રશસ્તિના સંદર્ભમાં પૂ.શ્રીએ મને કહ્યું હતું: અરે! મારે માટે તો લખશે જ પરંતુ સ્થાનને માટે પણ લખાશે. પૂ.અવધૂતજીની એ ભવિષ્યવાણીએ સ્નેહી શ્રી કુલીનભાઈને ચંદન નારેશ્વરની માટીનું ભજન લખવાની પ્રેરણા આપી એમ હું દઢપણે માનું છું. બાપજી કહેતા કે મારું અધુરુ કામ મારા ભકતો કરશે અને આપણે એવા બે ચાર ઊભા કરી દઈશું તો તેમાના કુલીનભાઇ પાંચમા છે.

બાળકોના રંગદાદા શ્રેણીના આ તેરમાં ભાગને આવકારતાં મને આનંદ થાય છે. મને આવકાર લખવાનું આમંત્રણ આપ્યું એ માટે હૃદયથી આભાર માનું છું.

ભગવાન રંગાવધૂતજીને પ્રાર્થના કરું છું કે કુલીનભાઇ ઉપર તેઓના અજસ્ર આશીર્વાદ વરસતા રહે અને એમના ઉપર પૂ.પ્રેમ અવધૂતજીનો પ્રેમાભિષેક થતો રહે. કુલીનભાઇ હજી નવા નવા ખેડાણ કર્યા કરે એવી મારી અંતરાશિષ.

**લીલોડ** **વિશ્વનાથ દેસાઈ**

તા.૧૬-૦૮-૨૦૦૭

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. ‘કુમળા છોડને વાળીએ તેમ વળે’ એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઇ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં ‘બાળકોના મોટા’ એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઇ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઇ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ પૂ.શ્રીના અનન્ય ભકત મુ. વિશ્વનાથભાઈ દેસાઇનો આભારી છું. પ્રૂફ તપાસી આપવા બદલ મુ. ધીરુભાઇનો તથા સૌ. અંજની ઉપાધ્યાયનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ　　　　　　　　　　લિ.

તા. ૧૪-૦૮-૨૦૦૭.　　　　　**કુલીન ઉપાધ્યાય**

(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

## (૧)

## ભકત ખાતર ભગવાને લીલા કરી

વડોદરા પાસે ડભોઇ ગામ.

ડભોઇની નજીક રામપુરા ભીલોડિઆ ગામ.

એના એક જુવાન બાજી ડોડીઆનું ગાંડપણ પૂ.શ્રી.ની કૃપાથી દૂર થયું.

બાજી માટે બાપજી ભગવાન બન્યા.

પોતાને સાજો કરનાર સદ્ગુરુને પોતાને આંગણે બોલાવવાની ઇચ્છા થઇ.

બાજી તો પહોંચ્યા નારેશ્વર.

પૂ. બાપજીને પ્રાર્થના કરી: "મારું આંગણું પાવન કરો. મારી ઝૂંપડીએ પધારો."

પૂ.શ્રી.એ કહ્યું: "બાજી! ઘેર આવ્યે શું વધારે છે? તમે સાજા સમા થઇ ગયા એટલે બસ.

અને તમે અવારનવાર અહીં આવો છો તે શું ઓછું છે?"

પણ આ તો બાજી.

એણે તો ખૂબ ખૂબ આગ્રહ કર્યો.

બાપજીએ કહ્યું: "ભગવાન લાવશે ત્યારે આવીશ. એ બાજુએ આવવાનું થશે ત્યારે તમારા ઘરે આવીશ. બસ!"

**મન એ બંધનનું અને મુક્તિનું બંનેનું કારણ છે.**

સને ૧૯૭૧-૭૨નું વર્ષ હતું.
પૂ.શ્રી. પોતાના ગુરુદેવના સમાધિસ્થાન ગરુડેશ્વર ગયા હતા.
પૂ. બાપજી ત્યાંથી વજીરીઆ જવાના હતા.
બાજીને આ વાતની જાણ થઇ.
બાજી તો પહોંચ્યા ગરુડેશ્વર.
બાપજીનાં દર્શન કરતાં જ ભાવ ઉભરાયો.
આમંત્રણ આપતાં આપતાં બાજી રડી પડ્યા.
પૂ.શ્રી.ને એનો ભાવ સ્પર્શી ગયો.
હૃદયનો ભાવ કેવો ઊંચો હતો?
પૂ.શ્રી.એ આમંત્રણ સ્વીકાર્યું.
પૂ.શ્રી.એ કહ્યું: "બાજી! હું તમારે ગામ આવીશ અને તમારી ઝૂંપડીમાં રહીશ, બસ!"
બાજીએ કહ્યું કે "બાપજી! હું ગાડું લઇને આવીશ."
બાજી ગયા ને થોડીવારમાં ભીલોડિઆ ગામના ઠાકોર સાહેબ આવ્યા.
પૂ. બાપજીને કહે: "બાપજી! અહીંથી ભીલોડિઆ પાસે છે. આપ મારે ગામ પધારો."
પૂ. બાપજીએ તરત જ કહ્યું: "ઠાકોર! હું તમારે ગામ આવવાનો જ છું."

**મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત.**

ઠાકોર સાહેબને નવાઈ લાગી.
"કોના ઘરે બાપજી?" ઠાકોર સાહેબે પૂછ્યું.
"બાજીને ત્યાં". પૂ.શ્રી.એ કહ્યું.
ઠાકોર સાહેબના અવાજમાં શ્રીમંતાઈનો રણકો ભળ્યો. એણે કહ્યું: "બાપજી! બાજીનું ઘર તો નાનું છે. અત્યારે ગરમી પણ ખૂબ છે. બાપજી! આપને ખૂબ તકલીફ પડશે."
પૂ.શ્રી.એ કહ્યું: "મેં બાજીને હા કહી દીધી છે. હું વચનથી બંધાઈ ગયો છું એટલે પહેલો મુકામ તો એને ત્યાં જ થશે. અને ઠાકોર! હું તો અગવડતા જ પસંદ કરું છું. અગવડ સગવડ એ તો બધી મનની કલ્પના છે."
ઠાકોર સાહેબનો અહંકાર ઘવાયો.
બાપજીએ છેવટે કહ્યું: "તમે બાજીના ઘરે આવજો. ત્યાંથી વળતાં તમારા બંગલે પાંચ મિનિટ મુકામ કરીશ."
બાજી ગાડું લઈને આવ્યો અને પૂ.શ્રી. એ ગાડામાં બેસી ભીલોડિઆ આવ્યા.
ગરમી ખૂબ. પરસેવાના રેલા ઉતરે એવો તાપ.

**મન હોય તો માળવે જવાય.**

બાજી ખસની ટટ્ટી માગવા ઠાકોરને ત્યાં ગયેલા પણ ઠાકોરે કહ્યું કે બાપજીને ગરમી લાગતી હોય તો અહીં આવવું જોઈએને? ટટ્ટી ન આપી.

બાજી તો પૂ.શ્રી.ને ઓછો તાપ લાગે એ માટે બધા ઉપાયો કરે.

બાપજીએ કહ્યું પણ ખરું: "અરે બાજી! તમે શું કામ અકળાવ છો? નારેશ્વરમાં પણ ક્યાં ઓછો તાપ પડે છે?" પરંતુ આ ગરીબ બિચારો બાજી મનોમન દુ:ખ અનુભવતો રહ્યો.

એનું દુ:ખ કેવી રીતે દૂર થાય?

પૂ.શ્રી.એ મનોમન કોઈ સંકલ્પ કર્યો.

થોડીવારમાં જ આકાશમાં એક કાળું ડિબાંગ વાદળું આવ્યું અને બાજીની ઝૂંપડીની આજુબાજુ વરસી ગયું. બધે જળબંબાકાર થઈ ગયું.

ઠંડક થઈ ગઈ.

વાતાવરણમાં ઠંડક આવી એની સાથે જ બાજીના મનમાં પણ ઠંડક વ્યાપી ગઈ.

બાજી રાજી રાજી થઈ ગયા.

સાંજે ઠાકોર સાહેબ આવ્યા.

**મન ચંગા તો કથરોટમેં ગંગા.**

આખું ગામ કોરું કટ અને ગરમીમાં શેકાતું હતું, પણ બાજીના ઝૂંપડાની આજુબાજુ કાદવ જોયો.
અંદર જઇને પૂ.શ્રી.ને પગે લાગી તરત પૂછ્યું: "બાપજી! અહીં વરસાદ થયો છે કે શું? ગામમાં તો વરસાદનું કોઇ નામ નિશાન નથી."
પૂ.શ્રી. હસીને બોલ્યા: "આ બાજી કયારના જીવ બાળતા હતા અને દુ:ખ અનુભવતા હતાં કે મેં બાપજીને બહુ દુ:ખી કર્યા. એમનો ભાવ જાણી ભગવાને ઠંડક કરી દીધી. આપણો ભગવાન તો દયાળુ છે ને! એની પાસે ક્યાં ખસની ટટ્ટી હતી!"
ઠાકોર સાહેબના અહંકારને બીજો આંચકો લાગ્યો.
ભકતની ભાવનાને વશ ભગવાન લીલા કરે એમાં શી નવાઇ?

●

**મન ચંચલ છે, એને ચલ રાખો.**

(૨)

## ⇛ શ્રીરંગ: પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ ⇚

પૂ.શ્રી.ને પોતાના સદ્‌ગુરુ માનનારા ઘણા ભક્તો એમને સાક્ષાત્ પરબ્રહ્મ જ માનતા હતા.

એમની સેવામાં રહે ત્યારે એમને 'ભગવાન' કહે અને ભગવાન જ માને.

પરંતુ આવા ભક્તોની સંખ્યા નાની હતી.

મોટા ભાગના ભક્તો પૂ.શ્રી.ને સમર્થ સંત જ માનતા.

સાધક તરીકે નારેશ્વરમાં આવ્યા અને પછી તપશ્ચર્યાથી સિદ્ધ સંત બન્યા એવી ભાવના.

આવું બને એ સ્વાભાવિક જ હતું.

વલસાડમાં હાલર રોડ પર રહેતા દામજીકાકા પણ આવા જ ભકત હતા.

પરંતુ એક વાર એમની આંખ ખૂલી ગઇ.

પૂ.શ્રી. પરબ્રહ્મ સ્વરૂપ છે એની પ્રતીતિ થઇ ગઇ.

મુ. દામજીકાકા એક વાર નારેશ્વર ગયેલા.

પૂ.શ્રી. લીમડાની નીચે ખુરશી પર બેઠા હતા.

લોકો દર્શનાર્થે આવ્યે જતા હતા.

દામજીકાકા પૂ.શ્રી.ની પાસે બેઠા હતા.

**અભ્યાસ અને વૈરાગ્યથી મન પર કાબૂ મેળવી શકાય.**

લોકો દર્શને આવ્યે જતા હતા ત્યારે પૂ.શ્રી. ક્યાં તો છાપું વાંચતા હોય અથવા તો દામજીકાકા જોડે વાતો કરતા હોય.

દામજીકાકાએ જોયું કે ભક્તો ભાવથી પગે લાગે છે પણ પૂ.શ્રી. એમની સામે જોતા પણ નથી.

બોલતા નથી કે આશીર્વાદ સૂચક ૐ પણ બોલતા નથી.

દામજીકાકાને દુ:ખ થયું.

એમને મનમાં એમ થયું કે પૂ.શ્રી. ભક્તોની અવજ્ઞા કરે છે.

ખૂબ પ્રેમથી ભક્તો દર્શને આવે છે પરંતુ પૂ.શ્રી.ને તો કંઇ પડી જ નથી.

છાપું વાંચવાનું શું એવું મહત્ત્વનું?

દામજીકાકા બસ! જોઈ જ રહ્યા.

બધા ભક્તો દર્શન કરીને ગયા અને પૂ.શ્રી. એકલા પડ્યા.

દામજીકાકાએ પોતાના મનના ભાવો-ફરિયાદો રજૂ કરી. એ બોલ્યા: "બાપજી! લોકો કેટલા ભાવથી આપના દર્શને આવે છે, પગે પડે છે, આપના ચરણમાં બાળક મૂકે છે અને તમને તો કાંઈ પડી જ ન હોય એમ તમે

**વ્યગ્ર મન આપત્તિ. એકાગ્ર મન આશીર્વાદ.**

તો છાપું જ વાંચ્યા કરો છો. એમને ખરાબ ના લાગે?"
બસ! દામજીકાકા બોલી રહ્યા ત્યાં જ પૂ.શ્રી. ઊંચા અવાજે બોલ્યા: "દામજીભાઇ! તમને એવું લાગે છે તો ભલે લાગતું. તમે એમને જઇને પૂછો કે એમને સંતોષ થયો છે કે નહિ? તમે પહેલા જઇને પૂછો અને ખાત્રી કરો. પછી ફરિયાદ કરો."

દામજીકાકાએ વાત ફેરવી.

"આપ કહો છો તો બધાને સંતોષ થયો હશે."

દામજીકાકા એમ બોલ્યા તો ખરા પણ પૂ.શ્રી.એ એમને ઊભા કર્યા.

દામજીકાકા બધા ભક્તોને મળ્યા.

વારાફરતી બધાને પૂછ્યું. ભક્તો તો આશ્ચર્યમાં ડૂબી ગયા.

એમણે સામેથી દામજીકાકાને પૂછ્યું: "કાકા! કેમ આમ પૂછો છો?

અમને તો પૂરો સંતોષ થયો છે." એક બહેન બોલ્યાં.

બીજી બહેને કહ્યું: મેં મારા નાના બાળકને પૂ.શ્રી.ના ચરણમાં મૂક્યું તો પૂ.શ્રી.એ ૐ બોલીને આશીર્વાદ આપ્યા.

**જ્યારે મન પ્રસન્ન થાય ત્યારે બુદ્ધિ સ્થિર થાય.**

એક ભાઇએ એમ કહ્યું કે પૂ.શ્રી.એ અમારા સૌની ખબર પૂછી હતી.
કોઈકે કહ્યું મને શ્રીફળ આપ્યું.
બધાની વાત સાંભળીને દામજીકાકા તો દંગ થઇ ગયા.
એમને ભગવાન કૃષ્ણની બાળલીલા યાદ આવી ગઇ.
ભગવાન પાસે જશોદા માતાએ દૂધ દોહવા માટે તાંબડી (બોઘરણું) માગી તો ભગવાને ઘરમાં બેઠા બેઠા જ દૂર બેઠેલી માતાને વાસણ પહોંચાડી દીધું.
ભગવાન કૃષ્ણ સાક્ષાત્ પરબ્રહ્મ હતા એની માતાને પ્રતીતિ કરાવી હતી.
દામજીકાકાને ખાતરી થઇ ગઇ કે શ્રીરંગ પોતે સાક્ષાત્ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે.

•

## (૩)

## ⇛ કાન્તાને માતૃત્વ દીધું ⇚

નારેશ્વરથી ત્રણેક કિલોમીટર દૂર એક નાનું ગામ.
ગામનું નામ લીલોડ.
આ લીલોડ ગામમાં એક બ્રાહ્મણ રહે.
એનું નામ વિશ્વનાથ.
પરંતુ આખું ગામ એને 'વિશુ' ના નામે જ ઓળખે.
પૂ.શ્રી.ના સંપર્કમાં આવ્યા અને ભક્ત બની ગયા.
એમનાં લગ્ન થયાં.
પત્નીનું નામ કાન્તાબેન.
બંને જણાં નારેશ્વર સેવામાં રહે.
વિશુભાઈ બાપજીની સેવા કરે અને કાન્તાબેન પૂ.માજીની સેવા કરે.
એમની સેવાથી માજી પ્રસન્ન રહે.
પૂ.માજી સેવામાં રહેનારને એના ઘર વિશે પૂછે. એના સુખ-દુઃખની વાતો જાણે અને દુઃખ હોય તો દૂર કરવા પૂ.શ્રીને કહે પણ ખરા.
આ કાન્તાબેનને લગ્ન થયે બે-ચાર વર્ષ વીત્યાં, પણ સંતાન ન હતું.

**મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી.**

જુનો જમાનો અને ગામડાના લોકો.
એમને મન તો શુકનિયાળ વહુ એ જ કહેવાય કે જે લગ્નના એક-બે વર્ષમાં જ પહેલે ખોળે દીકરાને જન્મ આપે.
થોડો સમય વધુ થાય તો બહેનોમાં ચણભણ શરૂ થઈ જાય.
કાન્તાબેન પૂ.બાપજીની સમર્થતાની વાતો કરે.
લોકો સાંભળે પણ ખરા.
એક દિવસ કાન્તાબેન સાંભળે એમ એક બહેન બીજી બહેનને કહેતાં હતાં: 'બાપજી બાપજી કરે છે અને મોટી મોટી વાતો કરે છે તો પછી સેવાનું ફળ તો મળતું નથી. ઘરે ઘોડિયું તો બંધાતું નથી.'
કાન્તાબેને સાંભળ્યું. એમને ખૂબ દુ:ખ થયું.
અરેરે! મારે આવું સાંભળવાનું આવ્યું?
એક દિવસ પૂ.માજી પાસે કાન્તાબેન બેઠા હતાં.
વાતમાંથી વાત નીકળી અને કાન્તાબેન રડી પડ્યાં.
"કાન્તા! તું કેમ રડે છે?" એમ જ્યારે પૂ.માજીએ પૂછ્યું ત્યારે કાન્તાબેને બનેલી બધી વાત કહી સંભળાવી.
પૂ.માજીને પણ થયું કે કાન્તાનું દુ:ખ દૂર થવું જોઈએ.
પૂ.શ્રી. ભિક્ષા લેવા આવ્યા.

**કદરૂપા મન કરતાં કદરૂપો ચહેરો સારો.**

ભિક્ષા કરવા બેઠા.

ભિક્ષા લીધી.

ભિક્ષા લઈને પૂ.શ્રી પૂ.માજી પાસે બેઠા ત્યાં પૂ.માજી બોલ્યા: "તારો ભગવાન બધાનું કામ કરે છે તો આ બિચારી કાન્તાનો ખોળો ન ભરે? એને સંતાન ન આપે?"

પૂ.શ્રી.એ વાતને હળવી કરવા કહ્યું: "અરે માજી! તમે પણ શું? આ વિશુ અને કાન્તા જ હજી છોકરાં જેવાં છે તો એમને છોકરાંને શું કરવાં છે? છતાં તમારી ઇચ્છા છે તો એમને ભગવાન સંતાન આપશે."

સંવત ૨૦૦૯માં કાન્તાબેને પુત્રને જન્મ આપ્યો.

પૂ.શ્રી.એ પોતે એનું નામ પાડ્યું.

નામ પાડ્યું: 'સર્વદમન'.

પછી તો કાન્તાબેનને સુરેશ તેમજ કિશોર એવા બીજા બે દીકરા પણ થયા અને દીકરી પણ થઈ.

આ સર્વદમનભાઈ નારેશ્વરના સર્વધર્મકર્મ આચાર્ય છે. વિશુભાઈ હજી જીવે છે અને પૂ.શ્રી.ના સ્થાનની સેવા કરે છે. આ પુસ્તિકાનો આવકાર એમણે જ લખ્યો છે.

●

**મન મહાન જાદુગર છે અને ચિત્રકાર પણ છે.**

# (૪)

## ⇛પૂછ્યા પહેલાં જ પ્રશ્નનો પ્રત્યુત્તર:⇚

ભક્ત પ્રશ્ન પૂછે પછી જવાબ આપે એવા સંતો તો ઘણા હોય.

પરંતુ ભક્ત પ્રશ્ન પૂછે એ પહેલાં જ એના પ્રશ્નોના જવાબ આપી દે એવા સંતો જવલ્લે જ જોવા મળે.

રંગદાદા આ પ્રકારના સંત હતા.

નર્મદાને કિનારે ભરૂચ નામનું શહેર.

એમાં એક પ્રતિષ્ઠિત વકીલ રહે.

એમનું નામ નરહરિભાઈ બળવંતરાય ઠાકોર.

ભરૂચ પાસેના અંકલેશ્વરમાં વકીલાત કરે.

વકીલાતનો વ્યવસાય ખૂબ સારો ચાલે.

એમને એક દીકરો અને એક દીકરી.

દીકરાનું નામ કેસરીપ્રસાદ અને દીકરીનું નામ તિલોત્તમા.

દીકરી ખૂબ લાડકી.

એનું વ્યક્તિત્વ જાજરમાન.

ઓંકારનાથ ઠાકુર પાસે સંગીત શીખેલાં.

એ જમાનામાં સ્ત્રી હોવા છતાં કવિતા લખતાં.

દીકરીને પરણાવી અને તે સાસરે ગઈ.

**મનના સંકલ્પો જ સૃષ્ટિનું સર્જન કરે છે.**

ઈ.સ. ૧૯૫૩-૫૪નું વર્ષ.

કોઈ અગમ્ય કારણસર નરહરિભાઈમાં માનસિક અસ્થિરતા આવી ગઈ.

વકીલાતનો વ્યવસાય છોડીને ભરૂચ આવી ગયા.

બાહોશ વકીલ બિચારા બની ગયા.

આ નરહરિભાઈ કોઈ વાર જીદે ચઢે તો પછી એ કોઈના નહિ.

દીકરી તિલોત્તમાને બોલાવવી પડે.

દીકરી રાજકોટથી દોડતી આવે.

પોતાના સંસારને ભગવાનને સોંપીને પિતાની વહારે ધાય.

પિતા થોડા ઠીક થાય એટલે પાછાં રાજકોટ જાય.

દીકરીને દુહિતા એટલા માટે જ કહેવાય છે ને!

એ પિતાનું અને પતિનું એમ બંનેનાં ઘર સાચવે.

દીકરી રાજકોટમાં રહ્યાં રહ્યાં પણ પિતાની ચિંતા કરે.

એક વાર તિલોત્તમાબેન ભરૂચ આવ્યાં.

પિતાની ચિંતામાં ડૂબેલાં.

શું કરીએ તો પિતાને સારું થાય.

ક્યાં સુધી આવી દયાજનક સ્થિતિમાં જીવ્યા કરશે?

પડોશમાં એક બ્રાહ્મણ બેન રહે.

**મનનો મેલ ધોવાય ત્યારે ઈશ્વર દર્શન થાય.**

એમનું નામ પ્રભાવતીબેન.
એને બધા ગોરાણી તરીકે ઓળખે.
વાતમાં ને વાતમાં પ્રભાવતીબેને નારેશ્વરના સિદ્ધ સંતની વાત કરી.
આ સંતના આશીર્વાદ મળે તો બધું સમુંસૂતરું પાર ઉતરે.
એમની પાસે જઇએ અને પૂછીએ કે પિતા આવી સ્થિતિમાં ક્યાં સુધી જીવશે?
દીકરીને એક જ ચિંતા અને તે પોતાના પિતાની.
તિલોત્તમાબેન તો ગોરાણી સાથે ગયાં નારેશ્વર.
પૂ.શ્રી.નાં દર્શન માટે લાંબી લાઇન હતી.
બંને જણાં લાઇનમાં ઊભાં રહ્યાં.
લાઇન ધીરે ધીરે આગળ વધતી હતી.
સંત પાસે કોણ આવે?
ક્યાં તો ધનનો દુ:ખી (અર્થાર્થી) અથવા સંસારનો દુ:ખી (આર્ત) આવે.
પોતાનો વારો ક્યારે આવશે અને બાપજી શું કહેશે એ વિચારોમાં મન ડૂબેલું હતું.
ત્યાં પૂ.શ્રી.એ એક સેવકને બોલાવ્યો અને કહ્યું: "પેલા બેનને જઇને કહો કે તમે જેમની ચિંતા કરો છો,

**સ્વસ્થ મન હશે તો તન પણ સ્વસ્થ હશે.**

જેમને માટે અહીં સુધી આવ્યા છો તે વ્યક્તિ છ માસથી વધારે સમય નથી જીવવાના."
સેવક તો તિલોત્તમાબેન પાસે ગયો.
જઈને પૂ.શ્રી.એ કહેલો સંદેશો સંભળાવ્યો.
તિલોત્તમાબેન તો નવાઈમાં પડ્યાં, હજી મનની વાત તો મહારાજશ્રીને કરી જ નથી.
હજી બાપજીને પ્રશ્ન તો પૂછ્યો જ નથી અને પૂછ્યા પહેલાં જ જવાબ!
એમનું મન શાંત થઈ ગયું.
મનનો ઉત્પાત શમી ગયો.
એ તો લાઇનમાં ઊભાં જ રહ્યાં.
પોતાનો વારો આવ્યો ત્યારે પૂ.શ્રી.નાં ચરણોમાં વંદન કર્યાં અને પછી ભરૂચ ગયાં.
બસ! ત્યારથી એ પૂ.શ્રી.નાં અનન્ય ભક્ત બની ગયાં.
હે બાળકો! આ તિલોત્તમાબેન મારાં એટલે બાળકોના રંગદાદા પુસ્તિકાના લેખક શ્રી કુલીનભાઈનાં સાસુ એટલે કે ધર્મપત્ની સૌ. અંજનીબેનના માતુશ્રી.
મૂંઝાયેલા મનને શાંત કરવાની પૂ.રંગદાદાની ગજબની શક્તિ હતી.

●

**પહેલાં રોગ મનમાં પ્રવેશે છે, પછી તનમાં.**

# (૫)

## ⇛ ઠાકોરલાલના ઠાકોરજી ⇚

મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદે આવેલું નવાપુર ગામ.
એમાં ઠાકોરભાઈ શાહ નામે રંગભક્ત રહે.
એમનાં લગ્ન નારેશ્વર પાસેના સાયર ગામે થયેલાં.
પત્નીનું નામ સુલોચનાબેન.
ઠાકોરલાલ સાયર ગામના જમાઈ એટલે પૂ.શ્રી.
પણ એમને 'ઠાકોરલાલ' જ કહેતા.
કેમ છો 'ઠાકોરલાલ!' આવું પૂ.શ્રી. બોલે એટલે
ઠાકોરભાઈના આનંદનો તો પાર નહિ.
આ ઠાકોરભાઈને ભગંદરનો રોગ થયો.
એ વખતે ઉંમર ૨૫ વર્ષની.
સને ૧૯૫૬માં ઓપરેશન કરાવ્યું.
એ રોગ દૂર થયો એવું લાગ્યું.
ઈ.સ. ૧૯૫૯માં મુંબઈ જઈ B.Ed. કર્યું અને
નવાપુરમાં શિક્ષક તરીકેની નોકરીએ લાગ્યા.
પરંતુ ઈ.સ. ૧૯૬૦માં ભગંદરે ફરીથી દેખા દીધી.
આ ભગંદર એ ચિંતાજનક વ્યાધિ કહેવાય.
ઠાકોરભાઈ દવાખાનામાં દાખલ થયા.

**મનને સારા વિચારોથી ભરી દો.**

ઓપરેશન કરાવ્યું. દવા કરાવી પણ કાંઈ ઠેકાણું પડે નહિ.

રોગના દુ:ખે દુ:ખી ઠાકોરભાઈને ખબર પડી કે પૂ.શ્રી.નો મુકામ સુરત પાસે ડુમસમાં છે.

એ તો ઉપડ્યા ડુમસ.

બાપજીને પગે લાગ્યા અને પૂછ્યું: "હેં બાપજી! મારું આ ભગંદર મટી જશે ને?"

પૂ.શ્રીએ જવાબ આપ્યો: "દાક્તરે ઓપરેશન સારી રીતે કર્યું હશે તો મટી જશે."

આનો અર્થ સમજુ હોય તો સમજી જાય કે ઓપરેશન બરાબર થયું નથી.

ભગંદર મટવાનું નથી.

બધી જ દવાઓ કરવા છતાં રોગ મટતો ન હતો કે હટતો પણ ન હતો.

ઠાકોરભાઈનું મન નિરાશ થયું અને પછી હતાશાથી ઘેરાઈ ગયું.

આપઘાત કરવાનો વિચાર પણ આવી ગયો.

હવે શું કરવું?

એક દિવસ ઠાકોરભાઈના મનમાં વિચાર ઝબક્યો.

એમને થયું કે સુલોચના સાયરની છે.

**આળસુ મન એ શેતાનનું કારખાનું છે.**

પૂ.શ્રી. એને દીકરી જેવી ગણે છે.
તો એને જ પૂ.શ્રી. પાસે મોકલું.
એ પૂછશે તો રોગનો ઉપાય જલદી હાથમાં આવશે.
સુલોચનાબેન સાયરના આસુકાકા સાથે પૂ.શ્રી. પાસે ગયા.
આસુકાકાએ સુલોચનાબેન વતી વાત કરી અને ઠાકોરભાઈના ભગંદરના દુ:ખને કારણે મનની થયેલી અવદશાની વાત કરી.
પરંતુ પૂ.શ્રી.એ તો એટલું જ કહ્યું: "શું થાય? નસીબમાં દુ:ખ હોય તો સહન કર્યા સિવાય છૂટકો જ નથી.
ખુદ ભગવાનને પણ દુ:ખ સહન કરવું જ પડ્યું હતું ને?
છતાં એને નારેશ્વર આવવાનું કહેજો."
પ્રારબ્ધવશ ઠાકોરભાઈને નારેશ્વર જતાં ઘણો સમય લાગ્યો.
પૂ.શ્રી. સુરત પધાર્યા અને ત્યાં ઠાકોરભાઈ મળ્યા તો પણ પૂ.શ્રી.એ તો નારેશ્વર આવજો એટલું જ કહ્યું.
આખરે ઠાકારેભાઈ નારેશ્વર ગયા.
લીમડા નીચે પૂ.શ્રી. ખુરશીમાં બેઠા હતા.
મોદીકાકા સાથે વાતો કરતા હતા. વાતો પૂરી થઈ.
મોદીકાકા ગયા.

**મન મહીપકે આચરન દગ દિવાન કહ દેત.**

પૂ.શ્રી.એ ઠાકોરભાઈ સામે જોયું અને પછી પૂછ્યું: "ઠાકોરલાલ! આ લીમડાને શું લગાવ્યું છે?"
ઠાકોરલાલે કહ્યું: "બાપજી! આ તો સોનાગેરું છે."
બાપજી ધીમેથી બોલ્યા: "બસ! એ લગાવજે."
ઠાકોરભાઈ પગે લાગીને ઊઠ્યા અને ગયા નવાપુર.
નવાપુર જઈને મોદીની દુકાનેથી સોનાગેરું લઈ આવ્યા.
પચાસ પૈસાનું સોનાગેરું લાવ્યા.
પૂ.શ્રી.નું સ્મરણ કરતાં જાય અને સોનાગેરું લગાવતા જાય.
પૂ.શ્રી.ની કૃપાથી ઠાકોરલાલ ભગંદરના રોગથી મુક્ત થયા.
ઈ.સ. ૧૯૬૦માં ભગંદર મટ્યું પછી ઈ.સ. ૨૦૦૭ સુધી થયું નથી.
નવાપુર છોડીને હવે સુરતમાં પોતાનું નિવૃત્ત જીવન ગાળે છે અને પૂ.શ્રી.નું સ્મરણ કરતા રહે છે.
ઠાકોરલાલ માટે તો પૂ.શ્રી. જ ઠાકોરજી છે.

●

મન રાજાનું આચરણ દગ્ દિવાન દર્શાવે.

## (૬)

## ⇛ જયંતીભાઇની જયંતી ફળી ⇚

જયંતીલાલ શંકરલાલ આચાર્ય એમનું નામ.

વડોદરામાં રહે.

સને ૧૯૬૨માં ઉત્તમ શિક્ષકનો એવોર્ડ મળેલો.

નાની ઉંમરે પત્ની ગુમાવેલી છતાં પૂ.શ્રી.ની આર્ષવાણી અનુસાર બીજી વાર ના પરણ્યા.

પૂ.શ્રી.ને જયંતીભાઇના નજીકના સંબંધી બહેને જ્યારે જયંતીભાઈના પત્નીના અવસાનના સમાચાર આપ્યા ત્યારે પૂ.શ્રી. બોલ્યા: "ઠીક, મોટો દીકરો પ્રવીણ છે ને? એનું લગ્ન થશે એટલે બધા પ્રશ્નો ઉકલી જશે."

બસ! ૩૯ વર્ષે વિધુર થયેલા જયંતીભાઇ ફરીથી ન જ પરણ્યા.

વડોદરા પાસે છાણી મુકામે પૂ.શ્રી.ની રંગજયંતી ઉજવાઇ.

રંગજયંતીનો ઉત્સવ ઠાઠમાઠથી ઉજવાયો.

જયંતીભાઈની તબિયત સારી નહિ.

એમને બ્રોન્કો ન્યુમોનિયા થયેલો.

તબિયત લથડી ગયેલી.

**મન એટલે અંત:કરણની સંકલ્પ વિકલ્પ કરવાની વૃત્તિ.**

આવી નાજુક તબિયતે પણ જયંતીભાઇ પૂ.શ્રી.ના દર્શન માટે તો ગયા જ.
જયંતીભાઇને જોતાં જ પૂ.શ્રી. બોલી ઊઠ્યા: "કેમ શરીર આવું થઇ ગયું છે?"
જયંતીભાઇએ પોતાની માંદગીની વાત કરી.
પૂ.શ્રી.એ બીજો પ્રશ્ન કર્યો: "દવા કરો છો?"
જયંતીભાઇએ કહ્યું: હા બાપજી! દવા ચાલુ જ છે."
અને જે ડૉક્ટરની દવા કરતા હતા તેની વાત કરી.
પૂ.શ્રી.એ ડૉક્ટર વિશે જાણ્યું.
દવા વિશે સાંભળ્યું અને પછી કહ્યું: "દવા છોડી દો. સોનાની વીંટી તપાવી, પાણીમાં છંકોરીને તે પીવાનું રાખો. દત્તજયંતી ઉપર નારેશ્વર નથી આવવાનું?"
બસ! જયંતીભાઇએ દવા છોડી દીધી.
પૂ.શ્રી.એ જણાવેલો ઉપાય શરૂ કર્યો.
સોનાની વીંટી ગરમ કરી તેને પાણીમાં છંકોરી અને તે પાણી પીવાનું ચાલુ કર્યું.
એક અઠવાડિયામાં દર્દ ગાયબ થઇ ગયું.
રંગજયંતી પર ખખડી ગયેલી તબિયતવાળા જયંતીભાઇ દત્તજયંતી ઉપર નારેશ્વર જઇ શક્યા.
જે કામ દવા ન કરી શકી તે કામ દુવાએ કરી બતાવ્યું.

**મન એ ઈંદ્રિયોનો રાજા છે.**

આ જયંતીભાઈ આચાર્ય એટલે આપણા નારેશ્વરના અવધૂત નિવાસ ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ.

શ્રીગુરુલીલામૃતમાં આવતા આખ્યાનોને ગદ્યમાં લખનાર.

"દત્તલીલાસાર" એ પુસ્તકનું નામ. એના બીજા લેખક તે પૂ.શ્રી.ના અનન્ય સેવક જગજીવનદાસ ગાંધી.

એનું પ્રકાશન પણ અવધૂતજીની કૃપાનું જ ફળ હતું. રંગજયંતી પર પૂ.શ્રી.નાં દર્શન કર્યાં અને એના ફળસ્વરૂપે દત્તજયંતી પર નારેશ્વર ગયા.

આમ જયંતીભાઈને તો ખરેખર રંગજયંતી ફળી એમ કહેવાય.

●

**દેહરૂપી રથના ઈંદ્રિયોરૂપી ઘોડાની લગામ મન છે.**

(૭)

## ⇛ લીલું બળે અને સૂકું રહી જાય ⇚

પ્રાગજી મિસ્ત્રી એમનું નામ.
રાજપીપળામાં રહે.
સુથારીકામના જાણકાર.
લાકડાની લાટી-લાકડાનો વેપાર કરે.
પૂ.શ્રી. પ્રત્યે અનન્ય ભક્તિ.
નારેશ્વરનું બધું જ બાંધકામ પ્રાગજીભાઇ સંભાળે.
પૂ.શ્રી.એ એમને નારેશ્વરના વિશ્વકર્મા બનાવી દીધા.
પ્રાગજીભાઇ નારેશ્વરનું કામ કરે પણ પૂ.શ્રી. સાથે વાતચીત ઓછી કરે.
પૂ. માજી સાથે દિલ ખોલીને વાત કરે.
નારેશ્વરનું કામ કરે એમાં ફક્ત માલસામાનના જ પૈસા લે.
બીજી બધી મહેનત એ તો પૂ.શ્રી.ની ભક્તિરૂપે થાય.
પૂ.શ્રી.થી આ કાંઇ અજાણ્યું ન હતું.
એક વાર સ્થાનના કામ માટે પ્રાગજીભાઇ નારેશ્વર આવેલા.

**સુખ અને દુ:ખ એ મનનાં સોણલાં છે.**

નિષ્ઠાપૂર્વક કામ કરતા હતા ત્યાં સંદેશો આવ્યો: "તમને બાપજી હમણાં ને હમણાં બોલાવે છે."

પ્રાગજીભાઇ જતાં જતાં વિચારવા લાગ્યા કે એવું તે શું કામ પડ્યું હશે? એવું તે શું બન્યું હશે કે તાત્કાલિક બોલાવ્યો.

પ્રાગજીભાઇ તો પહોંચ્યા પૂ.શ્રી. પાસે.

પગે લાગીને ઊભા રહ્યા.

બાપજીએ કહ્યું: "તમે હાલ ને હાલ રાજપીપળા જાવ."

અને પછી કહ્યું: "મિસ્ત્રી! લીલું બળી જાય ને સૂકું રહી જાય."

ગુરુમહારાજની આજ્ઞા માનીને પ્રાગજીભાઇ તો રાજપીપળા જવા નીકળ્યા.

આખે રસ્તે વિચારતાં જ રહ્યા કે લીલું બળી જાય અને સૂકું રહી જાય એટલે શું?

પૂ.શ્રી. આવું કેમ બોલ્યા હશે?

આ વાક્યનો અર્થ શું?

આમ વિચારતાં ને વિચારતાં રાજપીપળા આવી ગયું.

પોતાના ઘરે પહોંચ્યા ત્યારે આશ્ચર્યથી આંખ પહોળી થઇ ગઇ.

એવું તે શું બન્યું હતું?

**મૂળ સંસારનું મૂઢ મન માંકડું.**

પોતાના પીઠાની બાજુમાં લાકડાનું પીઠું હતું.
આ પડોશના પીઠામાં ભયંકર આગ લાગી હતી.
આગ એવી ભયંકર હતી કે પ્રાગજીભાઈની લાકડાની લાટી કેવી રીતે બચી ગઈ એ જ કોયડો હતો.
માન્યામાં ન આવે એવો બનાવ હતો.
આ જોયું ત્યારે પ્રાગજીભાઈને પૂ.શ્રી.ના શબ્દો યાદ આવ્યા અને સમજાયા.
પૂ.શ્રી.ની કેવળ કૃપાથી જ એમની લાટી બચી ગઈ હતી.
લાટીની ધારે આવેલાં લીલાં ઝાડ બળી ગયાં અને સૂકું પીઠું રહી ગયું એ જોયું.
પૂ.શ્રી.ને મનોમન વંદન કર્યાં.

●

(૮)

## તો કોકની ડોક કપાતી રહી ગઈ

પૂ.શ્રી.નો નારેશ્વરમાં મુકામ હતો.
સેવામાં લીંચના બચુભાઈ રાવલ (હાલના પ્રેમ અવધૂતજી) અને જગજીવનભાઈ માસ્તર હતા.
પૂ.શ્રી. ભિક્ષા લઈને બપોરે ગુફામાં આરામ કરવા જાય.
એ સમય દરમ્યાન સેવકો જમવા જાય અને બે વાગ્યા પછી બચુભાઈની સેવા રહેતી.

**મનની અપાર શાંતિ એ સાચી સંપત્તિ છે.**

અંદર પૂ.શ્રી. ત્યાં મૂકેલા લીંબુનું પાણી બનાવીનેપી લે.
એક દિવસની વાત છે.
પૂ.શ્રી. ગુફામાં ગયા.
અંદર લીંબુ કાપવા ગયા તો લીંબુ છટકી ગયું.
છરી આંગળી પર વાગી. ઊંડો ઘા પડ્યો અને ઘણું લોહી વહી ગયું.
પાણીનો નળ ખોલી ત્યાં આંગળી રાખી મૂકી.
થોડા સમયમાં લોહી વહેતું બંધ થઇ ગયું.
બહાર તો આ વાતની કશી જ ખબર નહિ.
એ તો જમીને બે વાગે સેવામાં હાજર થઇ ગયા.
પૂ.શ્રી. અઢી વાગે ગુફાની બહાર આવ્યા.
કોઇ દિવસ નહિ અને આજે ગુફાના ઓટલે બેઠા.
સેવકને આશ્ચર્ય થયું.
ત્યાં તો પૂ.શ્રી. બોલ્યા: "જોને બચુ! આ મને કેવું વાગ્યું છે!"
બચુભાઇ તો એકદમ દોડી ગયા.
જોયું તો ઘા ઘણો ઊંડો હતો.
એમને ખૂબ જ દુ:ખ થયું.
પૂ.શ્રી.એ હસતાં હસતાં કહ્યું: "જેને લીંબુ કાપતાં પણ નથી આવડતું એ તમારું શું ભલું કરવાનો?"

**પચરંગી મન ક્ષણે ક્ષણે રંગ બદલે છે.**

અને ત્યાર પછી એકદમ ગંભીર થઇને બોલ્યા: “આપણી આંગળી કપાઇ તો કોકની ડોક કપાતી રહી ગઇ.”

બચુભાઇને આ વાક્ય સમજાયું નહિ.

આંગળીને અને ડોકને શું સંબંધ?

બીજે દિવસે સવારે પૂ.શ્રી. ભિક્ષા લેતા હતા.

એ સમયે રાજપીપળાથી એક ભાઇ આવ્યા.

એ હાંફળા-ફાંફળા બનીને પૂછતા હતા કે “બાપજી ક્યાં છે? બાપજી ક્યાં છે?”

સેવકો બોલ્યા કે બાપજી ભિક્ષા કરવા ગયા છે. આપ બેસો.

એ ભાઇ બેઠા.

પૂ.શ્રી. ભિક્ષા કરીને આવ્યા એટલે પેલા ભાઇ પગે લાગ્યા અને કહેવા લાગ્યા: “બાપજી! કાલે તો ગજબ થઇ ગયો.

પ્રાગજી મિસ્ત્રીનો છોકરો લાકડાં વહેરવાના મશીન (બેન્ઝો)માં આવી ગયો હતો પરંતુ એ બહાર ફેંકાઇ ગયો. બાપજી! એની ડોક કપાતાં કપાતાં રહી ગઇ.”

આ વાત સાંભળતા જ બચુભાઇને પૂ.શ્રી.નું કાલનું વાક્ય યાદ આવ્યું અને સમજાયું.

**લાડકાં બાળકોની જેમ આપણું મન હંમેશાં અતૃપ્ત રહે છે.**

એમને થયું: "વાહ રે અવધૂત! અહીં બેઠા બેઠા પણ તું દૂર દૂર આવેલા ભકતના પુત્રને ઊંચકીને ફેંકી દઇ શકે છે એ સિદ્ધિની તો અત્યારે જ જાણ થઇ."

સાંભળનાર અને રાજપીપળાનો ભકત પૂ.શ્રી.ને મનોમન વંદન કરી રહ્યા.

હે બાળકો! આ માની ન મનાય એવી વાત છે ને!

પણ તપ દ્વારા, યોગ દ્વારા, ગુરુકૃપા દ્વારા આ બધું જ શકય છે, હોં કે!!

•

## (૯)

## વિધાયક વિચારધારા

દરેક વ્યકિતમાં ગુણ અને અવગુણ હોય છે.

દરેક વસ્તુની સારી અને નબળી બાજુ હોય છે.

આપણે તો એની સારી બાજુ જ જોવાની, વ્યકિતના ગુણ જ જોવાના.

સારું જોવાથી આપણે પણ સારા બનીએ.

રંગદાદાની આવી ગુણગ્રાહી દૃષ્ટિ હતી.

એમણે શ્રીગુરુલીલામૃત નામનો ગ્રંથ રચ્યો.

**ઈંદ્રિય ઉપર કાબૂ એટલે દમ, મન પર કાબૂ એટલે શમ.**

એમાં દત્તભગવાનના ચોવીસ ગુરુની વાત લખી છે.
એમાં પણ જે જે વસ્તુને કે વ્યક્તિને ગુરુ બનાવ્યા છે તે દરેક પાસેથી કંઇ ને કંઇ સારુ જ શીખ્યા છે.
રંગદાદાની વિચારવાની દૃષ્ટિ હકારાત્મક હતી.
એક દિવસ એક ભાઇ આવ્યા.
પૂ.શ્રી. પાસે બેઠા અને અચાનક પોતાની જાત વિષે કહેવા લાગ્યા.
એ ભાઇ બોલ્યા: "બાપજી! હું તો બહુ ખરાબ માણસ છું, નાલાયક માણસ છું."
બાપજી તો સાંભળી જ રહ્યા.
એ ભાઇને અંદરથી ખૂબ દુ:ખ થયું હશે, ખૂબ પસ્તાવો થયો હશે.
વ્યક્તિ ખોટું કરતાં તો કરી નાંખે, પણ પછીથી એને પસ્તાવો થાય.
એનું મન દુ:ખી થઇ જાય.
આ પસ્તાવો થયો એ પણ સારુ કહેવાય.
પૂ.શ્રી.એ એ ભાઇને કહ્યું: "ભાઇ! તમે કહો છો પણ હું તમને નાલાયક કે ખરાબ માનતો નથી. ભગવાન પોતે સંપૂર્ણ લાયકાતોથી ભરેલો છે. આવા લાયકાતથી ભરેલા ભગવાનનું સર્જન પણ લાયકાતવાળું જ હોય.

**વિકાસ એટલે માનવીનો મન પર કાબૂ હોવો.**

એ નાલાયક હોઈ શકે જ નહિ. આમ છતાં તમને એમ લાગતું હોય તો આપણે હવે લાયક બની જવાનું, સારા બની જવાનું."

કેવો સરસ જવાબ! કેવો સંતોષકારક જવાબ!

પૂ.શ્રી.ની કેવી વિધાયક વિચારધારા!

આવી વિચારધારાથી વ્યક્તિની વાણી નિર્મળ અને પ્રેમાળ બને છે અને સામી વ્યક્તિના મનને શાંત કરે છે.

આવી શાંતિ જેની પાસેથી મળે તેને જ સંત કહેવાય ને! શાંતિ પમાડે તેને સંત કહીએ એમ અમસ્તુ થોડું લખાયું છે!

●

# (૧૦)

## ⇒ ભકતની લાજ રાખી ⇐

અમદાવાદ પાસે સરખેજ નામે ગામ.
એમાં એક રંગભક્ત રહે.
નામ એનું નરહરિભાઈ ત્રિવેદી.
પૂ.શ્રી. પ્રત્યે એમની અનન્ય ભક્તિ.
પૂ.શ્રી. માટે જાનનું જોખમ પણ ઉઠાવે.
આ નરહરિભાઈ મ્યુનિસિપાલિટીમાં નોકરી કરે.
અમદાવાદની મ્યુનિસિપાલિટીના જકાત નાકા ઉપરની નોકરી.
આ નોકરીનાં સ્થળ બદલાતાં રહે.
સરસપુર વિસ્તારના નિકોલી નાકા પર નોકરી.
એમાં રાતપાળી હતી.
રાત્રે બહારગામથી આવતી ટ્રકમાં જે સામાન હોય તેના ઉપર જકાત વસૂલ કરવાની ફરજ બજાવવાની.
એક વાર પૂ.શ્રી. અમદાવાદ આવ્યા.
અમદાવાદ રેલ્વે સ્ટેશન સામેની ધર્મશાળામાં ઉતરેલા.
ધર્મશાળાનું નામ કરસનદાસની ધર્મશાળા.

**પાપ અને પુણ્ય મનના ભાવથી જ નક્કી થાય છે.**

શ્રીગુરુલીલામૃતનાં પ્રૂફ તપાસવા માટે પૂ.શ્રી. પધાર્યા હતા.
પ્રેસમાં તૈયાર થયેલાં પ્રૂફ પૂ.શ્રી.ને પહોંચાડવાની જવાબદારી શ્રી નરહરિભાઈની.
એક વાર રાતપાળી હતી.
રાત્રે જકાતનાકે પહોંચવાનું અને એ જ સમયે પ્રેસમાંથી પ્રૂફ આવ્યું.
આ પ્રૂફ પૂ.શ્રી.ને પહોંચાડવાનું.
નરહરિભાઈને મન પૂ.શ્રી.નું કામ સૌથી મહત્ત્વનું.
એ તો પ્રૂફ લઈને પહોંચ્યા કરસનદાસની ધર્મશાળામાં.
આ બાજુ નરહરિભાઈ ધર્મશાળામાં પૂ.શ્રી.ને પ્રૂફ આપવા આવ્યા અને પેલી બાજુ એમના જકાતનાકા પર ચેકિંગ આવ્યું.
ઈન્સ્પેક્ટર ચેકિંગ માટે આવ્યા.
વ્યક્તિ જાગે છે કે નહિ અને બરાબર ફરજ બજાવે છે કે નહિ તે જોવા.
જો વ્યક્તિ બેદરકાર માલમ પડે અને રિપોર્ટ થાય તો નોકરીમાં વાંધો આવે.
નરહરિભાઈ જેવા પહોંચ્યા કે તરત જ પૂ.શ્રી.એ કહ્યું: "તું અત્યારે શા માટે આવ્યો? તારી તો રાતપાળી છે.

**ભોજનથી તનને અને ભજનથી મનને પુષ્ટ કરો.**

તું તારી નોકરી પર જા.”
નરહરિભાઈ તો પહોંચી ગયા પરંતુ ત્યાં પહોંચતા વાર તો લાગે જ.
બીજે દિવસે પેલા ઈન્સ્પેક્ટર મળ્યા.
એમણે જ એમના જકાતનાકા પર ચેકિંગ કર્યું હતું.
રાત્રે દસ વાગે જ ચેકિંગ કરવા ગયા હતા.
આ સમયે તો નરહરિભાઈ પૂ.શ્રી. પાસે હતા.
એમણે કહ્યું: “ગઈ કાલે રાત્રે અમે તમારું કામ જોયું. તમારું કામ બહુ વ્યવસ્થિત છે.”
ઈન્સ્પેક્ટરની વાત માન્યામાં ન આવે એવી હતી.
નરહરિભાઈ ઈન્સ્પેક્ટરને મળ્યા ન હતા પણ ઈન્સ્પેક્ટરે નરહરિભાઈને કામ કરતાં જોયા હતા.
નરહરિભાઈનો વિશ્વાસ મજબૂત બન્યો કે પૂ.શ્રી. સાક્ષાત્ ભગવાન છે અને એમણે જ મારું રૂપ લઈને મને બચાવ્યો.
ભક્તની લાજ રાખવા માટે ભગવાન શું ના કરે?

●

**નમન (મન વિનાનું) અને સુમન (સારું મન) સુખનાં રાજમાર્ગ છે.**

# (૧૧)

## ⇛ કુર્યાત્ સદા મંગલમ્ । ⇚

સંતો એ માખણથી પણ વધુ કોમળ હોય છે.
સામી વ્યક્તિનો ભાવ જુએ એટલે એ ભાવને આધિન થઈ જાય.
એ ભક્તને રાજી રાખવા માટે એ ઈચ્છે તે પ્રમાણે વર્તે.
ભક્ત સમજુ હોય એટલે ઈચ્છા વ્યક્ત જ ના કરે, પણ સંત એવો પ્રસંગ ઊભો કરે કે પેલો ભક્ત ઈચ્છા વ્યક્ત કરે અને સંત એની ઈચ્છા પ્રમાણે વર્તે.
પૂ.શ્રી. પણ પોતાની સેવામાં રહેતા સેવકનું ધ્યાન રાખે.
પોતાનું સર્વ સમર્પણ કરીને સેવા કરનારની પૂ.શ્રી. બધી સંભાળ રાખે.
આવા એક રંગભક્ત.
નામ એનું નંદલાલ પાઠક.
આ નંદલાલભાઈ દીવેરમાં રહે.
તિલકવાડા એમનું મોસાળ.
ખૂબ નાના હતા ત્યારે એમનાં માતુશ્રી એમને સ્વામી મહારાજને પગે લગાડવા લઈ ગયાં હતાં.
પૂ. ગાંડા મહારાજનાં પણ એમણે દર્શન કરેલાં.

**અર્ધજાગ્રત મન એટલે જ ચિત્ત.**

એ દર્શનના ફળ સ્વરૂપે પૂ.શ્રી. સદ્‌ગુરુ તરીકે મળ્યા અને એમની સેવા કરવાનો લાભ પણ મળ્યો.

પૂ.શ્રી. એમના કુટુંબના વડીલ બની ગયા, મોભી બની ગયા.

ઇ.સ. ૧૯૫૮નું વર્ષ.

કન્યાદાન માટે શ્રેષ્ઠ યોગ આવવાનો હતો.

પૂ.શ્રી.એ નંદલાલભાઈને કહ્યું: "આ વર્ષે કન્યાદાન માટે શ્રેષ્ઠ યોગ આવવાનો છે. તો તમારી દીકરીના લગ્નનું ગોઠવજો."

પોતાના સેવકના સાંસારિક પ્રશ્નોને ઉકેલવા માટે કેવી યુક્તિ ગોઠવે?

નંદલાલભાઈએ એની દીકરી ભાનુબેનનું લગ્ન ગોઠવ્યું. દીકરીનાં લગ્ન સાથે નાના દીકરા નવીનનું જનોઈ પણ રાખેલું.

પૂ.શ્રી.ને નંદલાલભાઈએ આમંત્રણ આપ્યું.

સામાન્ય રીતે પૂ.શ્રી. આવા સાંસારિક પ્રસંગોમાં જતા નો'તા.

લગ્ન પછી આશીર્વાદ લેવા વરવધૂ દર્શને જાય એવી પ્રથા હતી.

**જાગ્રત મન સ્વામી છે, અર્ધજાગ્રત મન સેવક છે.**

નંદલાલભાઇની સેવાને યાદ કરીને પૂ.શ્રી. અખાત્રીજે રાજપીપળા પધાર્યા.

નવીનભાઇને ગાયત્રીમંત્ર- ગુરુમંત્ર અવધૂતે જાતે કાનમાં કહ્યો.

ભાનુબેનનું કન્યાદાન અવધૂતજીની ઉપસ્થિતિમાં વરદ હસ્તે થયું.

કુર્યાત્ સદા મંગલમ્ એવું લગ્ન કરાવનારા મહારાજ તો બોલતા જ હતા પરંતુ અવધૂતે તો હાજર રહીને 'કુર્યાત્ સદા મંગલમ્' કરી બતાવ્યું.

સંત પોતે જ પોતાના નિયમનો અપવાદ કરે ત્યારે સામી વ્યક્તિના હૈયાના ભાવની પારાશીશીનો પારો કેટલો ઊંચો હશે તેનો અંદાજ સહેજે મૂકી શકાય.

જેના કાનમાં ગાયત્રીમંત્ર ફૂંક્યો હતો તે નવીનભાઇ હાલ નારેશ્વરની ઓફિસમાં સેવા આપે છે.

તેઓ નિવૃત્ત પ્રાધ્યાપક છે.

●

**અર્ધજાગ્રત મન મશ્કરી સમજતું નથી.**

## (૧૨)

## ⇛ સંવાદિતાની જાળવણી ⇚

સને ૧૯૬૩ના વર્ષની વાત છે.

પૂ.શ્રી.નો મુકામ પુણા-કુંભારિયામાં.

આ પુણા કુંભારિયા સુરત પાસે આવ્યું.

સેવામાં લીંચના બચુભાઇ રાવળ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી).

મગનભાઇના ખેતરમાં મુકામ.

ષટ્કોણ આકારની ઝૂંપડી તૈયાર કરેલી.

ઝૂંપડીમાં સરસ મોંઘી જાજમ પાથરેલી અને એના પર પૂ.શ્રી.નો પલંગ.

પલંગ પાસે ટેબલ.

બીજાની સારી વસ્તુને પૂ.શ્રી. બરોબર સાચવે.

કોઇની વસ્તુ આપણી બેદરકારીથી બગડે એ ઠીક ન કહેવાય એવી વિચારધારા.

એક દિવસ ટેબલ ઉપર મૂકેલું પાણીનું પવાલું ઢળી ગયું.

પાણી પડ્યું શેતરંજી પર.

શેતરંજી પલળી એટલે બચુભાઇનો વાંક ન હતો તો પણ પૂ.શ્રી. એમને વઢ્યા.

**જાગ્રત મન અજાગ્રત મન ઉપરનો પહેરેગીર છે.**

વગર વાંકે વઢ્યા એ બચુભાઇને લાગી આવ્યું.
એમનું મન દુ:ખી થઇ ગયું.
પૂ.શ્રી. પ્રત્યે નારાજગી પણ થઇ હોય તો નવાઇ નહિ.
બચુભાઇને દુ:ખ થયું એ વાત પૂ.શ્રી. ન જાણે એમ તો બને જ નહિ ને!
સેવકને થયેલા દુ:ખને કારણે સંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન થયો તો સંવાદિતાને પાછી મૂળ સ્થિતિમાં કેવી રીતે લાવવી?
સેવકનું મન પ્રસન્ન થાય એવું કરવું જોઇએ.
સેવક મનમાં ને મનમાં રાજી રાજી થાય તો જ સંવાદિતાની જાળવણી થાય.
મળસ્કે ચાર વાગે બચુભાઇ સેવામાં હાજર થાય પછી પૂ.શ્રી.ને પાણી આપે અને સેવા શરૂ થાય.
બચુભાઇ આવીને ગુરુદેવ દત્ત કહે એ પહેલાં એક બનાવ બન્યો.
પૂ.શ્રી. ટેબલ ઉપરનો લોટો લેવા ગયા તો લોટો ઢળી ગયો.
લોટો પાણીથી ભરેલો હતો એટલે બધું પાણી જાજમ પર ઢોળાયું.
જાજમ પાણીથી તરબતર થઇ ગઇ.

**જાગ્રત મન કરતાં અજાગ્રત મનની શક્તિ અનેક ઘણી છે.**

બચુભાઈએ દરવાજાની બહારથી આ જોયું પણ પોતે ઊભા જ રહ્યા.

કશું બોલ્યા જ નહિ.

પોતે એકલા જ છે એમ માનીને પૂ.શ્રી.એ પાણીનો નિકાલ કરવા માંડ્યો.

પોતાનો નેપકીન પાણીમાં ઝબોળે અને પછી બારી પાસે જઈને નીચોવે.

પોતાને વગર વાંકે વઢ્યા'તા એટલે પૂ.શ્રી.ને આવું કરતા જોઈને બચુભાઈ રાજી રાજી થયા.

પાણી કેવી રીતે ઢળે છે એની હવે બાપજીને ખબર પડશે એવો વિચાર પણ આવ્યો હશે.

પૂ.શ્રી.તો ત્રણ વખત નેપકીન ભીનો કરીને નીચોવતા રહ્યા.

બધું વ્યવસ્થિત થઈ ગયું એટલે પૂ.શ્રી. પલંગ પર બેઠા.

પૂ.શ્રી. જેવા પલંગ પર બેઠા તેવા જ બચુભાઈએ 'ગુરુદેવ દત્ત' કહ્યું.

પોતે જાણે હમણાં જ આવ્યા હોય એવું વાતાવરણ ઊભું કર્યું.

પૂ.શ્રી.એ કહ્યું: "જુઓને! આ પાણીનો લોટો મારાથી ઢળી ગયો. જાજમ બધી ભીની થઈ ગઈ."

પછી તો બચુભાઈએ બાકીનું કામ પૂરું કરી દીધું.
પરંતુ એમને સંતોષ થઈ ગયો.
"બસ! મને વઢ્યા'તા તો હવે એમને ખબર પડી હશે કે કોઈની ભૂલ વગર કેવી રીતે પાણી ઢોળાય છે."
એ બનાવ તો બનતાં બની ગયો પણ એ પછી પૂ.શ્રી.એ એમના મનમાં ઝબકારો કર્યો.
પોતાને રાજી રાખવા પોતાના ગુરુમહારાજે આ લીલા કરી હતી. એ રહસ્યનો ઘટસ્ફોટ થયો.
ખળભળી ઊઠેલી સંવાદિતાની જાળવણી માટે પૂ.શ્રી.એ કરેલી યુક્તિનો વિચાર કરતાં બચુભાઈને આજે એમ પણ લાગતું હશે કે મેં જે કર્યું તે અયોગ્ય હતું.
મારે તરત દોડી જઈને પાણી કાઢી નાંખવું જોઈતું હતું.
પણ બિચારા બચુભાઈ પણ શું કરી શકે?
એ તો ગુરુમહારાજ કરાવે તેટલું જ કરી શકે ને!
પૂ.શ્રી. તો કર્તુમ્, અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ હતા એટલે એમનું ધાર્યું જ થાય ને!

•

**શ્રદ્ધા અને વિશ્વાસ માનવીને મળેલી પાંખો છે.**

# (૧૩)

## ગેબી શક્તિનો પરચો

વડોદરામાં એક રંગભક્ત રહે.

પોતે સાધક પણ ખરા.

પિનાકિન ગુરુજી એ નામથી આજે ઓળખે છે.

પૂ.શ્રી. પ્રત્યે બહુ ઊંચો ભાવ.

પૂ.શ્રી.ને તત્ત્વથી પીછાને.

આ પિનાકિનભાઇ ન્યુ ગ્રેઇટ ઇન્ડિયા કંપનીમાં નોકરી કરે.

એક વાર એ કંપનીના મેનેજર ભાસ્કરભાઇ વીણ સાથે નારેશ્વર ગયા.

ઓફિસમાંથી નીકળીને ગયા નારેશ્વર.

ઓફિસમાં કોઇને કહેલું નહિ.

ઓફિસની ચાવીઓ એમની પાસે જ.

એ ચાવીની ડુપ્લિકેટ ચાવી નહિ.

મેનેજર પાસે જ એક માત્ર ચાવી.

નારેશ્વર ગયા ત્યારે દર્શન કરીને તરત વડોદરા પરત થવાની ગણતરી.

નારેશ્વર પહોંચ્યા.

**શાસ્ત્રોના વચનમાં વિશ્વાસ એટલે શ્રદ્ધા.**

સ્નાન કરીને દર્શન કર્યાં.
દર્શન કરીને થોડી વાર બેઠા.
સત્સંગ કરીને તરત ઊભા થયા.
પૂ.શ્રી. પાસે રજા માગી.
કહ્યું: “બાપજી! અમે જઈએ.”
પૂ.શ્રી.એ ૐ બોલીને રજા આપવાને બદલે કહ્યું: “બે દિવસ રોકાઈને જાવ. ઉતાવળ શું છે?”
પૂ.શ્રી.ના આગ્રહને અવગણવાનું તો ન ગમે પણ એમણે એમની મુશ્કેલી રજૂ કરી.
એમણે કહ્યું: “બાપજી! ઓફિસની ચાવીઓ અમારી પાસે છે. કોઈ બીજા પાસે ઓફિસની ચાવીઓ હોતી જ નથી. આવતી કાલે ઓફિસ તો ખોલવી જ પડે ને! અમે ના જઈએ તો ઓફિસ કેવી રીતે ખૂલે? અને કોણ ખોલે?”
આવી ગંભીર મુશ્કેલી જણાવી.
એટલે બાપજી જવા દેશે એવું પિનાકિનભાઈને લાગ્યું.
પણ આ તો અવધૂતજી! ઉકેલી ન શકાય એવો કોયડો.
પૂ.શ્રી.એ મર્માળું હાસ્ય કર્યું અને બોલ્યા: “ઓહ! ચાવી તમારી પાસે છે? તે તો બહુ સારુ કહેવાય! આજકાલ તો કોઈની પાસે ચાવી હોતી જ નથી.”

**શ્રદ્ધા પરમ દુર્લભ છે.**

પૂ.શ્રી.ની વાત સાંભળી બંને જણા નારેશ્વર રોકાઇ ગયા.
પૂ.શ્રી.માં અડગ ભરોસો રાખી જવાનું માંડી વાળ્યું.
જે થવાનું હશે તે થશે એમ વિચાર્યું.
ત્રીજે દિવસે વડોદરા પહોંચ્યા.
મનમાં તો ચિંતા, ગભરાટ અને ઉચાટ હતાં.
ઓફિસે પહોંચ્યા તો ઓફિસ ખુલ્લી.
બધા કર્મચારીઓ વ્યવસ્થિત કામ કરે.
અરે! કોઈએ એમ પણ ના પૂછ્યું કે તમે બે દિવસ ક્યાં હતા?
જાણે કશું બન્યું જ નથી.
પિનાકિનભાઈ અને ભાસ્કરભાઈને પૂ.શ્રી.ની ગેબી શક્તિનો પરિચય મળી ગયો.

●

**શ્રદ્ધા એ જીવનનૈયાનો શઢ છે.**

## (૧૪)

## તારા સિંદૂરની ચિંતા તારે નથી કરવાની

સંસાર એટલે જ પ્રશ્નોની હારમાળા અને ચિંતાથી ભરેલું બજાર.

આવા ચિંતામય હાટમાં જીવનારને કોઈ અવધૂત બાપજી જેવો સમર્થ સંત મળી જાય તો તેના જીવને ઠંડક મળે.

મુંબઈ નામે શહેર.

એમાં બોરીવલી નામનું પરુ.

આ બોરીવલીમાં દેવીદાસ રોડ ઉપર વાયુદેવનું મંદિર.

એ મંદિર પાસેના ફ્લેટમાં એક રંગપ્રેમી બહેન રહે.

એમનું નામ ઊર્મિલાબેન પરીખ.

પતિનું નામ રમણલાલ.

ત્રણ દીકરા અને એક દીકરી.

રમણભાઈ શ્રોફનું કામકાજ કરે.

સંસાર સારો ચાલે.

ઊર્મિલાબહેન પૂ.શ્રી.ના ખોળામાં ઉછરેલાં એવું કહી શકાય.

બાપજી એમને મન બાપ પણ ખરા, સદ્‌ગુરુ પણ ખરા અને ભગવાન પણ ખરા.

**શ્રદ્ધા હોય ત્યાં શંકાને સ્થાન નથી.**

બધી સમસ્યાનું નિરાકરણ નારેશ્વરમાં મળે.

સને ૧૯૬૨ની સાલ.

સંવત ૨૦૧૮ના ભાદરવા સુદ એકમનો દિવસ.

પૂ.શ્રી.નાં દર્શન માટે ઊર્મિલાબેન મુંબઇથી નારેશ્વર ગયેલાં.

એ વખતે રમણલાલની તબિયત સારી નહિ.

મનમાં એ જ ચિંતા.

ભારતની સન્નારીને તેના પોતાના આયુષ્ય કરતાં પણ પતિના આયુષ્યની ચિંતા વધારે હોય.

એ અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ માગતી હોય છે.

પતિની તબિયત કથળતી જતી હતી.

હવે શું થશે?

નારેશ્વર પહોંચ્યાં.

પૂ.શ્રી.નાં દર્શન કર્યાં એટલે બધી ચિંતામાંથી મુક્તિ મળી જાય.

નારેશ્વરમાં સમય ક્યાં વીતી જાય તેની ખબર પણ ના પડે.

મુંબઇ જવાનો દિવસ આવ્યો.

એની આગલી રાતનો ૯ થી ૯-૩૦નો સમય.

પૂ.શ્રી. એકલા હોય એટલે દિલ ખોલીને વાતો કરી શકાય.

**શ્રદ્ધાનો જન્મ આત્મવિશ્વાસ અને પ્રેમમાંથી થાય છે.**

ઊર્મિલાબેન ગયાં.

પૂ.શ્રી. પાસે બેઠાં.

પોતાની ચિંતા જણાવવા કંઇ બોલે તે પહેલાં જ ડૂમો ભરાઇ આવ્યો અને ઊર્મિલાબેન છૂટે મોંએ રડી પડ્યાં.

પૂ.શ્રી.ની હાજરીમાં દીકરી રડે?

સાંસારિક બાપ પણ દીકરીને રડતાં ન જોઇ શકે તો આ આધ્યાત્મિક બાપ તો દીકરીને રડતાં કેવી રીતે જોઇ શકે?

પૂ.શ્રી. બોલ્યા: "ઊર્મિલા! તું કેમ રડે છે? તું રમણલાલની ચિંતા કરે છે? રમણલાલનું મોત તો હું ખિસ્સામાં લઇને ફરૂં છું. યમના દૂતો તો શું પણ વિષ્ણુના પાર્ષદોની પણ તાકાત નથી કે અવધૂતની ચિઠ્ઠી ના ફાટે ત્યાં સુધી રમણલાલનો વાળ પણ વાંકો કરી શકે. તારાં બધાં કાર્યો નહિ પતે ત્યાં સુધી રમણલાલ રહેશે.

તારા સિંદૂરની ચિંતા તારે નથી કરવાની."

બસ! અવધૂતે અભયવચન આપ્યું અને દીકરી હસતી હસતી બાપના ઘરેથી મુંબઇ ગઇ.

પૂ.શ્રી. બ્રહ્મલીન થયા પછી જ રમણલાલ મૃત્યુ પામ્યા.

●

**અડગ શ્રદ્ધા એ જ સાચું જીવન છે.**

## (૧૫)

## પ્રેમસગાઈ-ઊંચી ભાઈ!

પ્રેમનો સંબંધ અલૌકિક છે.
ભગવાન પ્રત્યેનો સાચો પ્રેમ ભગવાનને પરતંત્ર કરે.
ન કરવાનું કરવા પ્રેરે.
એક વાર પૂ. બાપજી વડોદરા ગયા.
વડોદરામાં રામગલોલાના મહંતશ્રી રહે.
પૂ.શ્રી. પ્રત્યે એમનો ભાવ ખૂબ ઊંચો.
પૂ.શ્રી. રામગલોલાના મંદિરમાં ગયા.
મંદિરમાં ભગવાન રામચંદ્ર અને સીતાજીની મૂર્તિ.
સીતારામની મૂર્તિ ખૂબ સુંદર.
પૂ.શ્રીને તો નાનપણમાં દોઢ વર્ષની ઉંમરે જ પિતાશ્રી પાસેથી 'રામમંત્ર' મળ્યો હતો.
રામ મંત્ર લખી લખીને હનુમાનજીને ચઢાવતા હતા.
સીતારામ પ્રત્યેનો પ્રેમ દિવ્ય હતો.
મહંતશ્રીએ પૂ.શ્રી.ને એક હાર આપ્યો.
આ હાર ભગવાનની મૂર્તિને પહેરાવવા માટે આપ્યો હતો.

**શ્રદ્ધા મા પાર્વતી છે, વિશ્વાસ ભગવાન શંકર.**

પૂ.શ્રી.એ જોયું કે ભગવાનની મૂર્તિ થોડી ઊંચા સ્થાને છે.
પૂ.શ્રી.એ હાર પહેરાવવાનો પ્રયત્ન કરી જોયો.
પ્રયત્ન સફળ ના થયો.
મહંતશ્રીએ આ જોયું.
તરત દોડ્યા નાનું સ્ટૂલ લેવા.
પૂ.શ્રી. સ્ટૂલ પર ઊભા રહે તો હાર મૂર્તિને સહેલાઇથી પહેરાવી શકે.
એક તરફ મહંત સ્ટૂલ લેવા ગયા તો બીજી તરફ પૂ.શ્રી.એ ભગવાનને પ્રેમથી પ્રાર્થના કરી.
ભગવાન પ્રેમમાં પીગળી ગયા.
મૂર્તિ નીચે ઉતરી આવી.
પૂ.શ્રી.એ હાર પહેરાવી દીધો.
ભગવાને હાર સ્વીકાર્યો.
મૂર્તિ પાછી મૂળ જગ્યાએ જતી રહી.
મૂર્તિ સ્વસ્થાને ગઇ ત્યાં જ મહંતશ્રી સ્ટૂલ લઇને આવ્યા. આવ્યા ત્યાં તો શું જોયું?
મૂર્તિ ઉપર હાર પહેરાવાઇ ચૂક્યો હતો.
પૂ.શ્રી.નો પ્રેમભાવ જોઇને ભગવાન નીચે આવી ગયા એની અંગત વ્યક્તિઓને જાણ થઇ.

**શ્રદ્ધાથી જ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.**

ભગવાન તો આખરે ભક્તને અને ભક્તના ભાવને જ આધિન છે ને?

•

## (૧૬)

## કડકડતી ઠંડીમાં બરફની જરૂર

ગુજરાત રાજ્યની સરહદ પૂરી થાય અને મહારાષ્ટ્રની સરહદ શરૂ થાય ત્યાં નવાપુર નામનું ગામ આવેલું છે. આ ગામ રેલવે સ્ટેશનથી ઘણું દૂર.

ઈ.સ. ૧૯૫૨નો ડિસેમ્બર માસ.

સંવત ૨૦૦૯ની દત્તજયંતી.

આ દત્તજયંતીના ઉત્સવ પર અવધૂતજી નવાપુર પધાર્યા.

પૂ. અવધૂતજી નવાપુર પધારે એ માટે રંગભક્તોએ અષાઢ મહિનામાં ચોવીસ કલાક દત્તબાવનીનો કાર્યક્રમ રાખેલો.

અનુષ્ઠાનના જોરે અવધૂતજી ખેંચાયા.

ખાસ પ્રવચન ન કરનારા અવધૂતજીએ “દત્ત ઉપાસના-એક ઊડતું પ્રવચન” એવું પ્રવચન પણ કરેલું.

નવાપુરમાં આનંદ અને ઉમંગનું વાતાવરણ હતું.

**શ્રદ્ધાની ઉપાસના હૃદયના દૃઢ સંકલ્પથી થવી જોઈએ.**

દત્તજયંતીનું પર્વ હતું.
વહેલી સવારથી જ ભક્તો દર્શનાર્થે લાઇનમાં ઊભા હતા.
ઉષ:પ્રાર્થનાનો કાર્યક્રમ પત્યો.
પૂ.શ્રી. બેઠા હતા.
થોડા ભક્તો સાથે સત્સંગ ચાલતો હતો.
ત્યાં પૂ.શ્રી.એ એકાએક જ પૂછ્યું: "અહીં બરફ મળે કે?"
પ્રશ્ન સાંભળી બધા આશ્ચર્યમાં ડૂબી ગયા.
કડકડતી ઠંડીમાં બરફની શું જરૂર પડી હશે?
પૂ.શ્રી. તો બરફનો કદી ઉપયોગ કરતા નથી.
છતાં ભક્તે કહ્યું: "બાપજી! બરફ સ્ટેશન ઉપર મળે. ત્યાં તપાસ કરાવીએ. પણ સુરતથી ભુસાવળ જતી ગાડીમાં આવે; એટલે એ ગાડી આવે, પછી મળે."
ગાડી આવવાનો સમય થયો હતો.
પૂ.શ્રી. બધું સાંભળી રહ્યા.
પછી પણ કશું બોલ્યા નહિ એટલે બે-ત્રણ ભક્તો ઉપડ્યા સ્ટેશને.
બરફની તપાસ કરવા.
સ્ટેશને જઈને ગાડીના સમાચાર પૂછ્યા ત્યારે જાણવા મળ્યું કે ટ્રેનને તો સોનગઢ સ્ટેશને અકસ્માત નડ્યો છે. એ બાજુથી બધો રેલવે વ્યવહાર અટકી પડ્યો છે.

**શ્રદ્ધા વિનાનો હવન, દાન અને તપ અસત્ છે.**

આ સમાચાર મળતાં જ ભક્તોને થયું કે સ્ટેશને આવ્યા તો સારું થયું ને? ત્યાં જ મનમાં ઝબકારો થયો કે બાપજીએ બરફ મળે કે એવું કેમ પૂછ્યું હતું.

જો બરફ વિશે ના પૂછયું હોત તો તો આપણને અકસ્માતની ખબર જ ના પડત.

આ ટ્રેનમાં દત્તજયંતીમાં ભાગ લેવા જે ભક્તો આવતા હતા તેનું શું?

એ બધા તો સોનગઢ સ્ટેશને રખડી પડ્યા હશે ને!

એમને નવાપુર લાવવા પડશે ને!

ભક્તો ગામમાં ગયા.

આયોજકોને ખબર કરી.

નવાપુરથી સોનગઢ વાહનો મોકલવામાં આવ્યા.

બધા ભક્તોને નવાપુર લાવવામાં આવ્યા.

એ ભક્તોએ જ્યારે જાણ્યું કે પૂ.શ્રી.એ બરફ વિશે વાત કરી એમાંથી આ બધી યોજના ઊભી થઇ ત્યારે બધા ભાવુક બની ગયા.

પૂ.શ્રી. પોતાના ભક્તોની કેટલી ચિંતા કરે છે?

એમને દૂર રહ્યા રહ્યા પણ બધી વાતની ખબર પડી જાય છે તેનો અનુભવ થયો.

દત્તજયંતીનો ઉત્સવ આનંદથી પૂરો થયો.

●

**શ્રદ્ધા બુદ્ધિથી પર હોય છે.**

## (૧૭)

## ભક્ત-ભાવના સંતોષી

બીલીમોરા નામનું ગામ.
એની પાસે તલોધ નામનું એકદમ નાનું ગામ.
એમાં એક રંગભક્ત રહે.
નામ એનું રવુભાઇ દેસાઇ.
અનાવિલ બ્રાહ્મણ.
પૂ.શ્રી. પર રવુભાઇને ખૂબ ભાવ.
એમના ભાગ્યનું પાંદડું પૂ.શ્રી.એ એવું ફેરવ્યું કે ધનની રેલમછેલ કહેવાય એવી સ્થિતિએ પહોંચી ગયા.
એમના સંતાનોમાં એક દીકરો અને ત્રણ દીકરી.
મોટી દીકરી માટે વર શોધે.
એન્જિન્યર જમાઇ મળે એવું શોધે.
રવુભાઇનું સ્નેહીઓનું વર્તુળ મોટું.
બધા દીકરી માટે વર શોધે પણ આવો એન્જિન્યર વર શોધવામાં સફળતા ના મળે.
રવુભાઇ થોડા નિરાશ થઇ ગયા.
મનમાં થયું કે શું મારી આટલી ઇચ્છા પૂરી નહિ થાય?
ઇચ્છા મનમાં ને મનમાં રહી જશે કે શું?

**શ્રદ્ધા વગરનો માણસ કશું જ કરી શકતો નથી.**

મૂંઝવણમાં મૂકાયેલા રવુકાકાને સમાચાર મળ્યા કે અવધૂતજી સુરત પધાર્યા છે. એમનો મુકામ ઠાકોરભાઇ મીઠાઇવાળાને ત્યાં છે.

રવુભાઇ તો બપોરની ત્રણની લોકલમાં બેસી સુરત ગયા અને ત્યાંથી પહોંચ્યા સીધા ઠાકોરભાઇ મીઠાઇવાળાને ઘરે.

પૂ.શ્રી.નો મુકામ ઠાકોરભાઇના ઘરે બીજે માળે હતો. દર્શન માટે ભારે ભીડ હતી.

રવુભાઇ લાઇનમાં ઊભા તો રહ્યા પણ મન ચકડોળે ચઢ્યું.

આટલી લાંબી લાઇનમાં ક્યારે નંબર આવશે?

દર્શન થશે કે દર્શન કર્યા વગર જ પાછું ફરવું પડશે?

મનોમંથન ચાલુ હતું ત્યાં એમના કાને અવાજ આવ્યો:

"રવુભાઇ કોણ છે? પૂ.શ્રી. એમને ઉપર બોલાવે છે."

રવુભાઇને પહેલાં તો થયું કે આ ભ્રમણા છે પણ બીજી વારની બૂમથી ખાતરી થઇ.

પણ રવુભાઇ તો ઘણા હોય ને! પોતાના જેવા સામાન્ય ભકતને તો કોણ બોલાવે? અને પોતે આવ્યા છે એ સમાચાર પણ ક્યાં મોકલ્યા છે?

**માળામાં રહેલા બચ્ચા 'મા'ની શ્રદ્ધાથી વાટ જુએ છે.**

ત્યાં તો સેવકે પાછી બૂમ પાડીઃ "બીલીમોરાથી આવેલા રવુભાઈને પૂ.શ્રી. બોલાવે છે."

આ સાંભળતાં જ રવુભાઈ ભાવુક થઈ ગયા.

આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી.

રડતા રડતા ઉપર ગયા અને પૂ.શ્રી.ને પગે લાગ્યા.

રવુભાઈને રડતા જોઈને પૂ.શ્રી. બોલ્યાઃ "રવુભાઈ! મૂંઝાઓ છો કેમ? તમારી દીકરીને એજિન્યર વર જ મળશે અને આ જ વર્ષે તેનાં લગ્ન પણ થઈ જશે."

રવુભાઈની મૂંઝવણ દૂર થઈ ગઈ.

રવુભાઈ પ્રસાદ લઈને બીલીમોરા પહોંચ્યા.

થોડા સમયમાં જ દીકરીનાં વેવિશાળ એન્જિન્યર સાથે થયા અને પૂ.શ્રી.ના કહ્યા મુજબ એ જ વર્ષે લગ્ન પણ થઈ ગયાં.

ભકતની ભાવના સંતોષી એટલે તો પૂ.શ્રીને શરણાગત વત્સલ કહીએ છીએ ને!

●

બુદ્ધિ પંગુ છે જ્યારે શ્રદ્ધા સર્વ સમર્થ છે.

## (૧૮)

## ⇛ મૂકં કરોતિ વાચાલં ⇚
## (વાચાળ મૂકને કરે!)

સને ૧૯૬૩-૬૪નું વર્ષ.

કુંજરાવ નામનું ગામ.

ત્રિભોવનદાસ શાહને ત્યાં પૂ.શ્રી.નો મુકામ.

શેઠ ત્રિભોવનદાસ સુખી એટલે પૂ.શ્રી.નો મુકામ દબદબાભર્યો થાય.

ખેતરમાં બાંધેલી કુટિરમાં પણ સફાઈ અને પવિત્રતા જુઓ તો મન મહેંકી ઊઠે એવાં.

પૂ.શ્રી. ખેતરના કૂવા પર બપોરે સ્નાન કરવા ગયા.

એ દરમ્યાન એક બહેન દર્શનાર્થે આવ્યાં.

સાથે પાંચ વર્ષનો પુત્ર.

પૂ.શ્રી.ની રાહ જોવા લાગ્યા.

કોઈ મૂંઝવણ હશે એમ લાગે.

પૂ.શ્રી. સ્નાન કરીને પધાર્યા અને આસન પર બેઠા એટલે પેલાં બહેન એના પુત્ર સાથે ઊઠ્યાં.

પૂ.શ્રી.ને ભાવથી પગે પડ્યાં અને પાછાં પોતાની જગાએ જઈને બેસી ગયાં.

**શ્રદ્ધા એ જ્ઞાનનો પ્રાણકોશ છે.**

પરંતુ બેઠા પછી એમણે એકદમ રડવા માંડ્યું.
પૂ.શ્રી.એ જોયું કે આ હરખના આંસુ નથી પણ દુ:ખનાં આંસુ છે.
પૂ.શ્રી.એ પૂછ્યું: "બહેન! કેમ રડો છો? શું પ્રશ્ન છે?"
આ સાંભળીને બહેન જોરથી રડવા લાગ્યાં.
બાપજીએ કહ્યું: "બહેન! કશું બોલશો નહિ ને રડ્યા કરશો તો એનાથી પ્રશ્નનો ઉકેલ થોડો આવવાનો છો? બોલશો તો ઉપાય શોધાય ને!"
પૂ.બાપજીનું આશ્વાસન સાંભળીને બહેન ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં.
પૂ.શ્રી. કશું જ બોલ્યા નહિ.
થોડીવાર પછી બહેન બોલ્યાં: બાપજી! મારો આ દીકરો પાંચ વર્ષનો થયો પણ હજી બોલતો નથી.
બહેનને મન જે ગંભીર સમસ્યા હતી તેને હળવી બનાવવાના હેતુથી પૂ.શ્રી. બોલ્યા: "અરે! નથી બોલતો એમાં આટલું બધું રડવાનું હોય?
નથી બોલતો તો ખોટું શું છે? સારું છે.
અનાયાસ મૌન પાળે છે."
જેમને બોલતાં આવડે છે તેઓ મૌન પાળવા ધમપછાડા કરે છે અને તેમ છતાં મૌન પાળી શકતા નથી.

**અવિચલ શ્રદ્ધા એ વિજયની પૂર્વશરત છે.**

જયારે તમારા દીકરા પર તો ભગવાનની અસીમ કૃપા છે કે જન્મથી જ મૌન પાળે છે.
પેલાં બહેન તો આ જવાબ સાંભળીને દંગ જ થઇ ગયા. ઉપાય બતાવવાનો તો દૂર રહ્યો પણ મહારાજે તો એને ભગવાનની કૃપા ગણાવી દીધી.
પછી પૂ.શ્રી.એ બહેનને કહ્યું: "આણંદના બજારમાં ડી.એન. હાઇસ્કૂલની સામે એક બુક સ્ટોલ છે.
ત્યાંથી વિષ્ણુ સહસ્રનામની ચોપડી લેજો.
મોટા અક્ષરવાળી લેજો એટલે તમને પાઠ કરતા ફાવશે.
તમે એનો રોજ પાઠ કરજો.
ભગવાન બધું સારું કરશે."
પછી પૂ.શ્રી. કુંજરાવથી અજુપુરા થઇને આણંદ આવ્યા ત્યારે જશુભાઇ દેસાઇ (દેસાઇ ઓટોમોબાઇલવાળા)ને ત્યાં પેલા બહેન પૂ.શ્રી.નાં દર્શને પુત્રને લઇને પાછાં આવ્યાં હતાં.
પરંતુ આ વખતે એમના મોં પર પ્રસન્નતા હતી.
પૂ.શ્રી.ને પગે લાગ્યાં અને આનંદના સમાચાર આપ્યા: "બાપજી! હવે આપની કૃપાથી આ બાબો બોલે છે."
પૂ.શ્રી.એ કહ્યું: "આપણા વિષ્ણુ ભગવાન ખૂબ દયાળુ છે.

**શ્રદ્ધા જ્ઞાનયુક્ત અને વિવેકપૂર્ણ હોવી જોઇએ.**

તમે વિષ્ણુ સહસ્ર નામના પાઠ ચાલુ જ રાખજો."
'મૂકં કરોતિ વાચાલં - વાચાળ મૂકને કરે' એ શ્લોક ચરિતાર્થ થયો.

•

## (૧૯)

## સાધુ જીવન- સાદું જીવન

"Simple living and high thinking" એ સાધુજીવનનું લક્ષણ છે.

"વિચાર ઊંચા જીવન સાદું
એવું જીવે સાચો સાધુ"

પૂ.શ્રી. એ અર્થમાં સાચા સાધુ હતા.

પ્રભુની પ્રાપ્તિના પંથનો પથિક સાદો હોય, સીધો હોય અને સરળ હોય.

ખાવાનું સાદું, પહેરવાનું સાદું અને જીવન જીવવાનું પણ સાદું.

ગાંધીવિચારની પણ અસર ખરી.

પૂ.શ્રી. માટે ભક્તો કંઈ ને કંઈ લાવે.

જેવી જેની શક્તિ અને જેવી જેની ભક્તિ તેવી વસ્તુ લાવે.

**શ્રદ્ધા પથ્થરમાં પરમેશ્વર પ્રગટાવે છે.**

એક વાર એક ભક્ત પૂ.શ્રી. માટે સરસ મઝાનો મોંઘો ગાલીચો લઈ આવ્યા અને પૂ.શ્રી.ને અર્પણ કર્યો. પૂ.શ્રી.એ એના આગ્રહવશ સ્વીકાર્યો પણ કદી વાપર્યો નહિ.

સાધુના આશ્રમમાં ગાલીચો પથરાય તો એનું સાધુત્વ લાજે.

ભોગવિલાસથી દૂર રહેવા માટે તો જંગલનો રસ્તો પકડ્યો.

હવે પાછો જંગલમાં પણ ભોગવિલાસ?

પૂ.શ્રી.એ કહ્યું: "સાધુને આ ના શોભે. દેશના ગરીબ લોકોને બે ટંક પૂરતું ખાવાનું પણ ના મળતું હોય અને સાધુ ગાલીચો વાપરે તો એ ઢોંગી સાધુ કહેવાય. સાધુ મોજ કરે તો લોકો શું ધડો લેશે?"

કોઈ ભક્તે ભૂલમાં એ ગાલીચો પાથર્યો તો પૂ.શ્રી.એ ઉપડાવી લીધો અને એને બદલે ખાદીની ચાદર પથરાવી દીધી.

પૂ.શ્રી. આ બધું લોકોને બતાવવા માટે નો'તા કરતા પણ હૃદયથી કરતા હતા.

બીજાના સુખે સુખી અને બીજાના દુ:ખે દુ:ખી થનારા આવા સંતો જ સમાજના સુખનું સંવર્ધન કરે છે.

**શ્રદ્ધા ધર્મનો આત્મા છે.**

હે બાળકો! આપણે પણ સાદું જીવીએ અને આપણું સુખ બધાને વહેંચીએ અને બીજાના દુ:ખમાં ભાગ પડાવીએ.
સાદાઈ અને સ્વચ્છતા હોય ત્યાં જ પરમેશ્વર પણ હોય એ હંમેશાં યાદ રાખજો.

●

## (૨૦)

## ⇛ નામ હજારો નામી એક ⇚

પ.પૂ. રંગદાદાના ઈષ્ટદેવ ભગવાન દત્તાત્રેય.
દત્ત શબ્દની એમની સમજ એવી વિશાળ કે બધા દેવો, સંપ્રદાયો અને મહાપુરુષોનો એમાં સમાવેશ થઈ જાય.
એમણે દત્તભગવાનના સ્તોત્રો અને ભજનો રચ્યાં.
પણ સાથે ભગવાન કૃષ્ણ, ભગવાન રામ, ગણપતિ, માતાજી વગેરેનાં પણ સ્તોત્રો અને ભજનો રચ્યાં.
પૂ.શ્રી. જ્યાં પણ મુકામ કરે ત્યાંના સ્થાન દેવતાનાં પણ સ્તોત્ર રચે અને એ દ્વારા પોતાના ભક્તોને પણ આવી વિશાળ દૃષ્ટિ અપનાવવાનું સૂચવે.
સંકુચિતતા ઘાતક નીવડે છે.
એક વાર પૂ.શ્રી.નો મુકામ ખેડાના સોમનાથ મંદિરમાં.

**શ્રદ્ધા અમૃતતત્ત્વને જાગ્રત કરે છે.**

ભગવાન મહાદેવનું મંદિર.
રાત્રે ભજન કીર્તન થાય.
માસ્તર સુમનભાઈ ધૂન ગવરાવે.
આપણો પરિવાર એમને ભજન-ભાસ્કર તરીકે જાણે છે.
ધૂનના શબ્દો હતા:
"ભજ રે મના, ભજ રે મના, દત્ત દિગંબર ભજ રે મના."
પૂ.શ્રી.એ દત્તદશક નામનું બાવીસ લીટીનું સ્તોત્ર રચેલું.
'ભવભયહારક શ્રીહરિ, પ્રણમું વારંવાર' એવી બાવીસ લીટી.
એની શરૂઆતની વીસ લીટીનો પહેલો અક્ષર લઈએ તો 'ભજ રે મના'વાળી ધૂન બને.
મુ. સુમનભાઈ આ ધૂન ગાતા હતા.
તબલા અને મંજીરાના તાલે ધૂન જામી હતી.
આ ધૂન જાણીતી હતી.
પૂ.શ્રી.ના મનમાં વિચાર આવ્યો કે આ સ્થાનના અધિષ્ઠાતા દેવ તો મહાદેવ છે.
એમને કેમ ભૂલાય?
એમનું સ્મરણ થવું જોઈએ.
એટલે ચાલુ ધૂને પૂ.શ્રી. શબ્દ આપતા જાય અને

**આસ્તિકતા શ્રદ્ધાથી સાધ્ય બને છે.**

મુ. સુમનભાઈ ધૂન ગવરાવતા જાય.

'ભજ રે મના ભજ રે મના દત્ત દિગંબર ભજ રે મના' એ ધૂન ભકતો ઝીલે ત્યારે પૂ.શ્રી.એ શબ્દો આપ્યા:

"સામ્બ સદાશિવ."

એટલે સુમનભાઈએ ધૂન ગવરાવી:

"ભજ રે મના ભજ રે મના સામ્બ સદાશિવ ભજ રે મના."

એ જ રીતે 'કૃષ્ણ કલાનિધિ' અને 'રામ રમાપતિ' શબ્દો આપ્યા. અને સુમનભાઈએ એ રીતે ધૂન ગવરાવી પણ ખરી.

ભગવાનનાં નામો ભલે અનેક હોય પણ ભગવાન તો એક જ હોય ને!

નામ હજારો નામી એક,
રૂપ કરોડો રૂપી એક.

●

**નાસ્તિકતા એટલે શ્રદ્ધા વિનાની બૌદ્ધિકતા.**

## (૨૧)

## જનતા જાદવપતિ સંતોષ્યા

દક્ષિણ ગુજરાતમાં વાણખૂંટા નામનું એક ગામ.

પૂ.શ્રી. એ ગામમાં પધાર્યા.

મુકામ હનુમાનજીના મંદિરમાં.

પૂ.શ્રી.નો મુકામ હોય એટલે દર્શનાર્થીની ભીડ તો હોય જ પણ સાથે હોય ધૂન અને ભજન-કીર્તનની રમઝટ.

બસ! આનંદ ઉલ્લાસનું વાતાવરણ હતું.

શુક્રવારનો દિવસ હતો.

ભજન-કીર્તન પત્યાં.

ભક્તો બધા ટોળે વળીને બેઠા હતા.

એક ભક્તે કહ્યું: "બાપજી! આપ મને મંજૂરી આપો તો મારા મનની ઈચ્છા કહું."

પૂ.શ્રી. બોલ્યા: "કહો."

એ ભક્તે કહ્યું: "બાપજી! મને એવો વિચાર આવ્યો કે કાલે શનિવાર છે, હનુમાનજીનો વાર છે.

તો હનુમાનચાલીસાના સ્તોત્રથી હનુમાનજી ઉપર અખંડ તેલધારાથી અભિષેક કરીએ. દરેક ભક્ત પોતાની શક્તિ મુજબ તેલ લાવે."

**ભગવાનમાં અડગ શ્રદ્ધા જીવનને જીવવા જેવું બનાવે છે.**

અવધૂતજીએ એમના વિચારને મંજૂરી આપી.
પોતે જ અભિષેક કરશે એવું પણ જાહેર કર્યું.
શનિવારને દિવસે સવારથી જ ભક્તોની ભીડ જામી.
હાથમાં તેલની વાડકી કે તેલની તપેલી.
શક્તિ મુજબ તેલ લાવ્યા.
અવધૂતજીના હાથે આપણા તેલથી અભિષેક થાય તો એના જેવું પુણ્ય બીજું શું?
અવધૂતજી ખુરશીમાં બેઠા. પાસે મોટું તપેલું.
ભક્તો તપેલામાં પોતાનું તેલ રેડે.
પછી અવધૂતજી બોલ્યા: "તમે બધા હનુમાનચાલીસાનું ગાન કરો અને હું હનુમાનજીના ચરણ પર તેલનો અભિષેક કરું છું."
ભક્તોએ તો હનુમાનચાલીસાના ગાનથી ગગન ગજાવી દીધું.
અવધૂતજીએ જોયું તો મોટું તપેલું તેલથી ભરાઇ ગયું છે.
એમણે એક વાડકીમાં થોડું તેલ લીધું.
હનુમાનજીના ચરણકમળ પર તેલથી અભિષેક કરવા માંડ્યો.
હનુમાનજીની પ્રતિમામાંથી દિવ્ય કિરણો ફૂટતાં ભક્તોએ જોયાં.

**શ્રદ્ધા વિના કલાનું રહસ્ય સમજવું શક્ય નથી.**

હનુમાનજીની પ્રતિમા પણ હસુ હસુ થઇ રહી હતી.
હનુમાનચાલીસાના પાઠ પૂરા થયા.
પૂ.શ્રી.એ મંદિરના પૂજારીને બોલાવ્યા.
એક મોટી તપેલી મંગાવી.
પાંચ શેર (અઢી કિલો) જેટલું તેલ પૂજારીને આપ્યું.
પછી પૂ.શ્રી.એ ગામના સરપંચ, મુખી અને આગેવાનોને બોલાવીને કહ્યું કે જેને ટીપું તેલ નથી મળતું એવા ગરીબોના ઝૂંપડે ઝૂંપડે જઈને સરખે ભાગે આ તેલની વહેંચણી કરાવી દો.
બધાને આશ્ચર્ય થયું અને અનહદ આનંદ થયો.
ગામના જુવાનોને ઝૂંપડે ઝૂંપડે તેલ વહેંચવા મોકલ્યા.
ગરીબોના ઘરે તો આજે જાણે દિવાળીનો તહેવાર આવ્યો.
બધાએ અંતરથી આશીર્વાદ આપ્યા.
**જનસેવા એ જ પ્રભુસેવા છે** એ મંત્ર ચરિતાર્થ થયો.
'જનતા જ જાદવપતિ છે' અને એની આંતરડી ઠરે એવું કાર્ય એ જ સાચું પૂજન છે એવું લોકોએ જોયું અને લોકો સમજ્યા.
સાચા સંતો બોલ્યા વિના સમાજમાં આ રીતે સંસ્કારનું સિંચન કરે છે.

●

**પરિશ્રમના વૃક્ષને શ્રદ્ધાનું પાણી પાઓ ત્યારે ફળ આપે.**

## (૨૨)

## ⇛ પેટપીડથી તાર્યો વિપ્ર ⇚

વડોદરાથી ૨૦ કિલામીટર દૂર એક ગામ.

એ ગામનું નામ પોર. એમાં એક બ્રાહ્મણ રહે.

ચંદુભાઈ એનું નામ.

આ ચંદુલાલનો કંઠ ખૂબ સારો.

અવધૂતજીનાં ભજનો ગાય.

પૂર્વ કર્મના યોગથી એમને જઠરનો રોગ થયો.

ખાવાનું ભાવે નહિ અને ખાય તો તે પચે નહિ.

પેટમાં ગરબડ થાય અને પેટમાં એવી ચૂંક (શૂલ) ઉપડે કે હેરાન હેરાન થઈ જાય.

ચંદુલાલે દેશી દવાઓ કરી.

વૈદ્યોને બતાવ્યું પણ સારું થયું નહિ.

આયુર્વેદે કામ ન કર્યું તો દાક્તરને બતાવ્યું.

એલોપથીની દવા કરી તો પણ દર્દ ગયું નહિ.

ચંદુલાલ એકદમ નિરાશ થઈ ગયા, હતાશ થઈ ગયા.

શરીર દૂબળું પડી ગયું.

જીભ ઉપરથી સ્વાદ જતો રહ્યો.

જીભ ઉપર ખાંડ મૂકે તો ગળી ન લાગે, મીઠું મૂકે તો

ખારું ન લાગે કે મરચાનો ભૂકો મૂકે તો તીખો ન લાગે.
ઊંઘ જતી રહી.
આખો દિવસ બેચેનીમાં જાય.
હવે શું કરવું?
જીવન જ અકારું થઇ પડ્યું.
એક દિવસ રાતે પથારીમાં પડ્યા છે.
ઊંઘ આવતી નથી.
મન વિચાર-ચકડોળે ચઢ્યું.
મનમાં હતાશાની લાગણી જન્મી.
પણ ભગવાનનું કરવું તે એમની નજર દિવાલ પર પડી.
દિવાલ પર અવધૂતજીની છબી લટકતી હતી.
છબીમાં અવધૂતજીના મોં પર હાસ્ય હતું.
એક હાથ ઊંચો હતો અને આશીર્વાદ આપતો હતો.
ચંદુલાલને થયું કે અરે! અવધૂતજી જેવા સમર્થ સંતને
છોડીને હું બીજે બધે ભટક્યો એ મારી ભૂલ.
એવી ભૂલ મારાથી થઇ જ કેમ?
અરે! ગંગાને કિનારે રહીને હું તરસે મરતો રહ્યો?
એમણે બીજે દિવસે નારેશ્વર જવાનું નક્કી કર્યું.
બીજે દિવસે ઊઠ્યા.
નારેશ્વર જવાની તૈયારી કરી.

ત્યાં એમને ખબર પડી કે બાપજી તો નારેશ્વર નથી. બાપજી તો દત્તજયંતીનો ઉત્સવ હોવાથી સુરાશામળ ગામ ગયા છે.
ચંદુભાઇ તો ઉપડ્યા સુરાશામળ.
પૂ.શ્રી.નાં ચરણોમાં ફળ-ફૂલ અર્પણ કર્યાં.
દંડવત્ પ્રણામ કર્યા અને ભીની આંખે પૂ.શ્રી.નાં દર્શન કર્યાં.
પૂ.શ્રી. પાસે બેઠા અને પછી પોતાના દુઃખની વાત કહી. વાત કરતાં કરતાં રડવા લાગ્યા.
ચંદુલાલે કહ્યું: "બાપજી! હું તો આપને શરણે આવ્યો છું. આપ જ મને તારનાર છો."
પૂ.અવધૂતજીએ ચંદુભાઇને કહ્યું: "અરે ચંદુભાઇ! તમને કંઇ થયું નથી. ગભરાવ છો કેમ? પાચનશક્તિ મંદ પડી ગઇ છે એનું પરિણામ છે. હું કહું તે ઉપાય કરો. એક અઠવાડિયામાં સારું થઇ જશે. ચિંતા ના કરશો."
એમ કહીને પૂ.શ્રી.એ એમને ઉપાય બતાવ્યો.
સવારના પહોરમાં નરણે કોઠે (ખાલી પેટે)એક ગ્લાસ ગરમ પાણીમાં લીંબુ નીચોવીને પી જવું. લીંબુનું પાણી પીધા પછી બે-ત્રણ કલાક કશું લેવું નહિ. બે-ત્રણ કલાક પછી ચા-દૂધ લેવાં.

ક્રોધના ફળ કડવાં હોય છે.

ચંદુભાઈમાં જોશ અને સ્ફૂર્તિ આવી ગયાં.
પૂ.શ્રી.ની રજા લઈ પાછા પોર આવ્યા.
બીજે દિવસથી ઉપચાર શરૂ કર્યો.
ત્રણ દિવસ થયા ન થયા ત્યાં ખાવાની રુચિ થવા લાગી.
જીભમાં સ્વાદ આવ્યો.
શરીરમાં શક્તિનો સંચાર થયો અને ચંદુભાઈ સાજાસમા થઈને ઘરના કામકાજમાં પરોવાઈ ગયા અને અવધૂતજીનાં ભજનો લલકારીને ગાતા થઈ ગયા.

•

## (૨૩)

## ખેલદીલીભરી દિલગીરી

જે પર (બીજા)નો વિચાર કરે તેને જ પરબ્રહ્મ મળે.
પોતાને કારણે કોઈને તકલીફ ન પડવી જોઈએ એવું આપણા રંગદાદા માને.
પરિસ્થિતિનો બારિકાઈથી વિચાર કરે અને પોતાના અંગત માણસને યોગ્ય લાગે તો અમુક કાર્ય કરવાની ના પાડે.
પૂ. રંગદાદાના એક મિત્ર.

**ક્રોધ એ શાંતિના મૃત્યુની કાળોતરી છે.**

અંબાલાલ વ્યાસ એમનું નામ.
પૂ.શ્રી.ને એમને માટે ઘણું માન.
ઈ.સ. ૧૯૨૮ના વર્ષની વાત છે.
પૂ.શ્રી. ભરૂચમાં હતા.
શ્રીગુરુમૂર્તિચરિત્ર છપાવવાનું કામકાજ ચાલતું હતું.
મુ. અંબાલાલભાઈની ઈચ્છા ભરૂચ પૂ.શ્રી.ને મળવા જવાની હતી.
પરંતુ પૂ.શ્રી.એ એમને ભરૂચ ન આવશો એવું લખ્યું.
પોતાના પ્રિય મિત્રને 'ના' લખવાનું તો નહિ ગમ્યું હોય પણ એમણે પોતાના દિલની વાત મોકળા મનથી કરી.
એમને ભરૂચ આવવાની કેમ ના કહી?
પત્રમાં દર્શાવેલાં કારણો જોઈએ:

(૧) હું અહીંયાં ગાંડા મહારાજે પ્રૂફ વાંચવા મોકલેલા બ્રહ્મચારી તરીકે ઓળખાઉં છું અને એ રીતે જ રહેવા માગું છું. મારી એ કિંમતમાં તમારા આવવાથી વધારો કે ઘટાડો થાય એવું હું નથી ઈચ્છતો. માટે તમે અહીં આવવાનો વિચાર માંડી વાળશો એવી પ્રાર્થના છે.

(૨) બીજું હું હાથે રાંધતો હોત અથવા વારાફરતી જુદે જુદે ઘરે ભિક્ષા કરતો હોત તો કોઈ વાંધો ન

આવત. એટલે કે એવા અનુકૂળ સંજોગો હોત તો મિત્રને ના નહિ પાડતે.

(૩) હું કલ્યાણજીભાઈને ત્યાં જ ભિક્ષા કરું છું એટલે મારે તમને પણ ત્યાં જ લઈ જવા પડે, જે મને ઠીક નથી લાગતું.

(૪) કલ્યાણજીભાઈને અને મારે આ પહેલો જ પ્રસંગ છે. તેઓ ભાવિક છે, ઉદાર છે, સાધુસંતોની જીગરથી સેવા કરવાવાળા છે. સ્વામીમહારાજના પરમ શિષ્ય છે પણ મારા સ્વભાવ પ્રમાણે એમના પર જેમ બને તેમ ઓછો બોજો પડે એવું હું ઇચ્છું છું.

(૫) તમારી વ્યવસ્થા હું બીજે કરાવી શકું અથવા તમે જાતે પણ બીજે વ્યવસ્થા કરી શકો એમ છો એ હું સારી રીતે જાણું છું. પણ તેમ કરવાથી કલ્યાણજીભાઈનું મન દુભાય જે મને યોગ્ય નથી લાગતું.

(૬) તેઓ તમને પણ પોતાને ત્યાં જ ભોજન કરવાનો આગ્રહ કરે ને પૈસા વગેરે કંઈ લે નહિ અને આપવા યોગ્ય પણ લાગે નહિ.

ગુસ્સો કરનાર ગુમાવે છે. પ્રેમ કરનાર પામે છે.

તમે મારી આ લાચારીની પ્રાર્થના મંજૂર રાખી અહીં આવવાનું માંડી વાળશો.

એકાદ દિવસ મળવા પૂરતું આવો તો વાંધો નથી પણ એમ નકામા પૈસા નાખી દેવા ઠીક નથી.

પરમાત્માની ઈચ્છા હશે ત્યારે મળી શકાશે.

ત્યાં સુધી ભગવાનનું ભજન કરો.

બાળમિત્રો! જોયું ને! આપણે જ્યાં પણ જઈએ ત્યાં બીજાનો વિચાર કરીએ; બીજાને બોજારૂપ ન બનીએ, ઉપાધિરૂપ ન બનીએ એ જ સાચું સત્કર્મ છે.

બાપજીએ પોતાના નજીકના માણસને ના પાડવાની હિંમત બતાવી અને ખુલ્લા દિલે દિલગીરી વ્યકત કરી.

•

ગુસ્સો અને પ્રેમ બંને અઢી અક્ષરના શબ્દો છે.

(૨૪)

## ⇛ સાચી નેતાગીરી કોને કહેવાય? ⇚

સંતોને પોતાના પ્રાણ કરતાં પણ પોતાના સિદ્ધાંતો વધારે વહાલા હોય છે.

એમના સિદ્ધાંતોનું પાલન ન થાય તો એમને અનહદ દુઃખ થાય.

ઘણીવાર નજીકના ગણાતા લોકોથી જ સંતને અનહદ અસંતોષ થાય છે.

માણસો ભેગા થાય એટલે પ્રશ્નો તો થાય જ.

બધાંનાં મન અને મતિ, સ્વભાવ અને સમજ જુદાં જુદાં હોય છે.

આ બધાંને સાથે રાખી, બધાંનો સારામાં સારો ઉપયોગ કરે અને બધાં વચ્ચે સુમેળ રાખે તે જ સાચો નેતા.

બધાંમાં શક્તિ હોય છે, કામ કરવાની ઈચ્છા પણ હોય છે, પોતાના સદ્ગુરુ પ્રત્યે ભાવના પણ હોય છે પરંતુ એનું યોગ્ય રીતે સંકલન થવું જોઈએ.

આ બધાંની શક્તિને યોગ્ય રીતે પ્રયોજવાની શક્તિને જ નેતાગીરી કહેવામાં આવે છે.

ગુસ્સો કાપે, પ્રેમ આપે.

પૂ.શ્રી.એ એક ભકતને દત્તજયંતીના સંદર્ભમાં જવાબરૂપે પત્ર લખેલો. એમાં નેતાગીરી અંગે માર્ગદર્શન આપેલું.

પૂ.શ્રી.એ લખ્યું: "આ જયંતીમાં અનેક જણની ફરિયાદ આવી. આ બધાંનું કારણ?

કારણ એટલું જ કે બધાંએ બનતી સેવા કર્યા છતાં નમ્રતાને બદલે અહંકાર વધારી પોતાને આગેવાન માન્યો.

પણ સૌથી મોટો આગેવાન તે કે જે સૌથી મોટો સેવક હોય; સૌથી વધુ કરી છૂટતો હોય, સહી શકતો હોય. આ સત્યનું સ્મરણ કોઈને પણ ના રહ્યું."

પૂ.શ્રી.એ નેતાગીરીના કયા સિદ્ધાંતો સૂચવ્યા?

૧. સાચો નેતા નમ્ર હોય. માથું ઠંડુ, હાથ પગમાં ગરમી.
૨. સાચો નેતા સૌથી મોટો સેવક હોય. સાચો સેવક ત્યાગ કરવામાં પહેલો, સુખ ભોગવવામાં છેલ્લો.
૩. સાચો નેતા સહુથી વધુ કામ કરે. વધુ સહન કરે. બીજાને મોટા કરીને આગળ કરે તે સાચો નેતા.

'માર ખાવામાં જગલો અને માલ ખાવામાં ભગલો' એવી વૃત્તિથી કામ ન લેવાય.

નિ:સ્વાર્થી વ્યક્તિ જ સાચો નેતા બની શકે.

**ક્રોધી માણસનું મન એ દારૂગોળાથી ભરેલું ઘર છે.**

પૂ.શ્રી.ને બધાંનાં વર્તનથી ઘણું દુઃખ થયું.
એમણે તો અંતર્દર્શન જ કર્યું.
પોતાની ભૂલ અને ખામી શોધવાની તપાસ કરી.
એમણે લખ્યું: "પણ મને મારી તપશ્ચર્યામાં જ ખામી લાગે છે કે હું હજી આઠ આનીએ મારા સિદ્ધાંતો બે-પાંચ જણાને પણ પૂરા ઠસાવી શકતો નથી."
હે બાળકો! આપણને જેને માટે પ્રેમ હોય, માન હોય, ભાવ હોય એના સિદ્ધાંતો પાળીએ અને એમની વિચારધારા પ્રમાણે જીવન જીવીએ તો જ એના અંગત ગણાઈએ. ખરૂંને!

•

## (૨૫)

## સામાને સમજાવવાની સૂઝ

સામાનું મન અને માન જાળવીને પોતાના સિદ્ધાંતો પાળવાનું કામ અઘરું છે પરંતુ અવધૂતજી માટે તો એકદમ સહજ છે.
પૂ.શ્રી.ની ૬૫મી જયંતીની દ્વારકામાં ઉજવણી થવાની હતી.

ક્રોધ કાંટાની જેમ વાગે છે અને સામાના મનને વીંધે છે.

રાજપીપળાના નિવાસી શ્રી મગનલાલ પાદરીઆ યજમાન હતા.

પૂ.શ્રી. કાર્તિક માસની સુદ ચોથની વહેલી સવારે દ્વારકા જવા નીકળ્યા.

નારેશ્વર રોડ સ્ટેશનથી ગાડી પકડવાની હતી.

કોરલથી ગાડી આવી.

પૂ.શ્રી. ગાડીમાં બેઠા અને ગાડી મિયાગામ-કરજણ જવા ઉપડી.

વચ્ચે ચોરંદા સ્ટેશન આવ્યું.

પૂ.બાપજી દ્વારકા જાય છે એ વાત ચોમેર ફેલાઇ ગઇ હતી.

ગામડાના લોકો ભાવથી ભરેલા હોય અને આ તો દ્વારકાની જાત્રા ગણાય.

દ્વારકા એટલે સાત પુરી પૈકીની એક પુરી.

ચોરંદા સ્ટેશને ભકતોની સારી એવી ભીડ હતી.

સેવામાં ભજન-ભાસ્કર સુમનભાઇ પુરોહિત હતા.

સુમનભાઈએ પાદુકા આગળ ધરી.

ભકતોએ પુષ્પહાર, શ્રીફળ વગેરે મૂકીને શ્રદ્ધા-ભાવ વ્યકત કર્યા.

**સમજણનો અભાવ એ ક્રોધનું સરનામું છે.**

એમાં એક વૃદ્ધ માજી હતાં. તેમણે ગજવામાંથી બે રૂપિયા કાઢ્યા.

એમની ઇચ્છા એ બે રૂપિયા પાદુકા ઉપર મૂકવાની હતી. સુમનભાઇએ પૈસા મૂકવાની ના પાડી. એમને બે રૂપિયા મૂકતાં અટકાવ્યાં.

વૃદ્ધ માજીએ પડકાર ફેંક્યો: "ના કેમ કહો છો?"

"બાપજી પૈસાને અડતા નથી. બાપજીને પૈસા ન ખપે." સુમનભાઇએ ધીમેથી કહ્યું.

માજી કંઇ ગાંજ્યાં જાય એવાં ન હતાં.

એમણે કહ્યું: "કેમ ના ખપે? જાત્રાએ જાવ છો તે પૈસા તો આપીએ જ તો! સકન તો કરવા જ પડે ને!"

માજીની દલીલનો સુમનભાઇ શું જવાબ આપે?

અવધૂતજીને લાગ્યું કે હવે તેમણે જ માજીને સમજાવવા પડશે.

અવધૂતજી સમજાવે પછી સામો કેમ ના સમજે?

પૂ. બાપજીએ કહ્યું: "મા, તમારી વાત સાવ સાચી છે. જાત્રાએ જનારને પૈસા આપવા જ જોઇએ. પણ હું તો દ્વારકાના રણછોડરાયનો મહેમાન થઇને જાઉં છું. આખા બ્રહ્માંડનો નાથ દ્વારકાનાથ જ મારો ખજાનચી છે. એટલે તમે બીજી કોઇ પણ રીતે પરાર્થે

**ક્રોધ મળે સાવ મફતમાં, પાડે આફતમાં.**

વાપરશો તો પણ એ ભગવાનના ખજાનામાં જમા થશે અને તમારી ઈચ્છા પ્રમાણે મને પણ એનો લાભ મળશે. હું જાત્રા નિમિત્તે જતો નથી.

મને દ્વારકાનાથ બોલાવે છે માટે જાઉં છું."

પૂ.શ્રી.ને કે પાદુકાને પૈસા અડે તો તેઓ ઉપવાસ કરે છે એ વાત માજી જાણતાં ન હતાં એટલે એમનો પણ શું દોષ?

આપણી સંસ્કૃતિમાં તો સંત પાસે ખાલી હાથે ન જવાય, જાત્રાએ જનારને સકનના પૈસા આપવા જોઈએ એવા સંસ્કાર ગળથૂથીમાંથી મળતા હોય છે.

સામી વ્યક્તિની ભાવનાને ઠેસ પહોંચાડ્યા વગર, પોતાના સિદ્ધાંતોને અકબંધ જાળવી રાખવાની આવડત આપણને અવધૂતજીએ આ રીતે શિખવાડી છે.

●

**ક્રોધ રોગ છે, પ્રેમ ઔષધિ છે. ક્રોધ મારે, પ્રેમ તારે.**

સ્વામી મહારાજ (રંગદાદા ના સદ્ગુરુ)ના હસ્તાક્ષર

श्रीराम
रा. गोविंद व प्रल्हाद
यांसी
नारायण. पत्र पावले.
परमेश्वरावर निष्ठा
ठेवून सत्कर्म करणे
सत्प्रवृत्त व्हावे परमे
श्वर घडवील. करा
वे परमेश्वर भजन
नी सादर रहावे
नारायण

श्रीस्वामींचे हस्ताक्षर

# રંગપ્રણીત સૂત્રો

**પરસ્પરદેવો ભવ ।**

(એકબીજામાં રહેલા દેવત્વ-દૈવી અંશને પિછાનો)

**શ્વાસે શ્વાસે દત્તનામસ્મરાત્મન્ ।**

(સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત ! દત્ત.)

**ભક્તિર્દમ્ભો વિના ભાવમ્ ।**

(ભાવ વિનાની ભક્તિ એ દંભ છે)

**સ્વયમાશીસ્તુ સત્કર્મ ।**

(સત્કર્મ એ પોતે જ આશીર્વાદરૂપ છે)

**માતા માતૈવ કેવલમ્ ।**

(મા તે મા)

**ન માતુઃ પરદૈવતમ્ ।**

(માતાથી બીજું કોઈ દૈવત મોટું નથી)

**સર્વો દત્તઃ સર્વરૂપસ્ત્વરૂપઃ ।**

(નિરાકાર સાકાર સર્વેય દત્ત)

**ગુરુકૃપા હિ કેવલં શિષ્ય પરમ મંગલમ્**

(ગુરુની કૃપા જ શિષ્યનું પરમ મંગલ છે.)

**શ્રેયઃ પ્રેયસો વિશિષ્યતે ।**

(પ્રેય કરતાં શ્રેય ચઢિયાતું છે)

**છાત્રદેવો ભવ ।**

(વિદ્યાર્થી એ દેવસ્વરૂપ છે)

**સત્યમેવ પરં તપઃ ।**

(સત્ય એ જ પરમ તપ છે)

**શ્રી દત્તઃ શરણં મમ।**

(શ્રીદત્ત મારું શરણ છે)

**રંગ અવધૂત**